
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૩ || અંક: ૧૧ || નવેમ્બર ૨૦૨૧ || સળંગ અંક : ૬૦૧

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.in

# Shantaben Manubhai Patel School of studies & Research in Architecture & Interior Design




## Salient features

- Experienced & Professional Academicians.
- Beautiful lush green climate responsive building with state of art Architectural education infrastructure.
- CVM University infrastructure for students including Girls & Boys hostel with Canteen, Gym, Health Center, bank/ATM, Sports facilities.
- Operational efficient indoor environment.
- 24 X 7 campus remains open to support design education with round the clock stationary shop and canteen.
- Introducing Innovation, Research & Design Cell for education.
- Institutional collaboration with various Professional Bodies/ Societies for Student's knowledge & capacity building.

(Read more about this Institute on page no.33)




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
નવેમ્બર – ૨૦૨૧
વર્ષ: ૨૩ અંક: ૧૧
સળંગ અંક: ૬૦૧

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ: ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते ।

તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ • આર.પી. પટેલ

સંપાદન-સહાય
વિજય સુથાર

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
•
મુદ્રક
લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર



અધ્યક્ષ
શ્રી ભીખુભાઈ બી. પટેલ
માનદ્ મંત્રી
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ સહમંત્રીઓ
• શ્રી મેહુલ ડી. પટેલ
• શ્રી રમેશ સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**तारागप्रवरभूषणमुद्वहन्ती मेघावरोधपरिमुक्तशशाणड्कवक्त्रा।**
**ज्योत्स्नादुकूलममलं रजनी दधाना वृद्धिं प्रयात्यनुदिंन प्रमदेव बाला।।७।।**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

तारागणरूपी अनेक अलंकारों से अलंकृत होती हुई, मेघों से मुक्त चन्द्ररूपी मुखवाली, चाँदनी रूपी उज्ज्वल वस्त्रधारिणी मदोन्मत्ता बाला की तरह इस ऋतु की रातें प्रतिदिन बढ़ती जा रही है ।।७।।

।। અતીતની અટારીએથી ।। સ્વરાજના પ્રહરી
» **ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ) ........................૩**

।। પ્રાથમ્ય ।। ઓનલાઈન જીવનના આટાપાટા
» **એસ.જી.પટેલ............................................૬**

।। આપણો વૈભવ અને વારસો ।। (પદ્ય વિભાગ)
» **રવિસાહેબ, લાલદાસ, રવિરામ, ડાડા મેકરણ, ........૧૦**

।। નવાં કાવ્યો ।।
» **કેશુભાઈ દેસાઈ, હરીશ પંડ્યા, યોગેશ પંડ્યા, સિકંદર મુલતાની................................................૧૧**

।। આપણો વૈભવ અને વારસો ।। (ગદ્ય વિભાગ) ધનનું ધન
» **મનુભાઈ પંચોળી 'દર્શક' .............................૧૩**

।। સમીક્ષા।। લોકકથાના કથાબીજનું સર્જનાત્મક રૂપાંતરણ
» **ભગીરથ બ્રહ્મભટ્ટ ....................................૧૪**

।। ચિંતન ।। 'શ્રીમદ્ ભગવદ્ગીતા' અને યુવાનો
» **રમેશ એમ. ત્રિવેદી ...................................૧૬**

।। દિવાળી વિશેષ ।। પુરાણકાળથી યોજાતી ગિરનાર પરિક્રમાનું મહત્ત્વ
» **ચંદ્રકાંત પટેલ 'સરલ' ...............................૧૯**

।। વાર્તા ।। સ્નેહનું સગપણ
» **મનીષા રાઠોડ .........................................૨૧**

।। શિક્ષણ ।। ઉમદા શિક્ષક
» **ઈશ્વરભાઈ વાઘેલા .....................................૨૫**

।। લઘુકથા ।। કાટ
» **આરતી બા ગોહિલ 'શ્રી' ...............................૨૮**

।। કારકિર્દી વિશેષ ।। Invaluable Contribution of an Architect
» Bharat Panchal & Sagar Desai ......૨૯

।। સંસ્થા પરિચય ।। Shantaben Manubhai Patel School of Studies & Research in Architecture and Interior Design (SMAID)
» Prof. Jyoti Gill................................૩૩

।। ધ્યાન-યોગ ।। જીવનમાં ધ્યાનનું મહત્ત્વ
» **પી.ડી. શર્મા .........................................૩૭**

।। વિદ્યાવૃત્ત ।।
» **૧૩, ૧૫, ૧૮,૨૪,૨૭, ૩૯-૪૩**

 ISSN 0976 – 9609

# સ્વરાજના પ્રહરી

ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ)

સરસ્વતી વિદ્યામંડળના સંચાલક મંડળમાં શ્રી હીરુભાઈને મળવાની તક મળી તે પહેલાં એમને અંગે થોડીક પ્રચલિત વાતો સાંભળવામાં આવી હતી. એ ઉપરથી એક બાહોશ આઈ.સી.એસ. તરીકેની એમની મુદ્રા મારામાં અંકિત થઈ હતી. સરદારના એ પ્રીતિપાત્ર હતા, એનો પણ મને ખ્યાલ હતો પણ એમના સંપર્કમાં આવતાં એમની કાર્યદક્ષતા, એમની દીર્ઘદૃષ્ટિ તથા એમની કોઠાસૂઝની મારા પર ઊંડી અસર થઈ. સરસ્વતી વિદ્યામંડળ મોટી કટોકટીમાં મુકાયું હતું તે અરસામાં આ મંડળમાં આવ્યા, અને તોફાનમાં સપડાયેલા વહાણના સુકાનને સંભાળી લેતા કુશળ નાખુદાની જેમ એમણે મંડળને તરતું કર્યું, એટલું જ નહિ,પણ સિદ્ધિના મોટા બંદર તરફ વાળ્યું. એની કથા સરસ્વતી વિદ્યામંડળનાં પૃષ્ઠોમાં હજુ અંકાઈ રહી છે. હજુ એણે ઘણી મજલ કાપવાની છે, પણ જે કંઈ થયું છે તેનો એ ઉપરથી ખ્યાલ આવશે કે જ્યારે એમણે આ સુકાન સંભાળ્યું ત્યારે સરસ્વતી વિદ્યાલયના લગભગ હજારેક વિદ્યાર્થીઓ નિશાળના મકાન વિહોણા બનવાની અણી ઉપર હતા. મકાન રેલવેમાં ચાલ્યું જવાના ભયમાં મુકાઈ ગયું હતું. એ અરસામાં મકાન માટે જમીન મેળવી, સંસ્થા પાસે મૂડી ન હોવા છતાં ભવ્ય મકાનની કલ્પના કરી તે માટેના પ્રયત્નો આરંભ્યા, પરિણામે આજે સરસ્વતી વિદ્યાલય અગાઉ કોઈએ કલ્પ્યું પણ નહિ હોય એવા ભવ્ય મકાનમાં બેસે છે. સાથે બીજી શાખા-પ્રશાખા સહિત અમદાવાદની એક અગ્રગણ્ય શિક્ષણ સંસ્થા જેવું બની ગયું છે. આજે એ સરસ્વતી સંકુલમાં ૫,૨૦૦ વિદ્યાર્થીઓ અને ૨૧૦ જેટલા કર્મચારીઓ છે.

આ તો મારો પ્રત્યક્ષ અનુભવ થયો, પણ આવી અનેક સંસ્થાઓ ઊભી કરવામાં, તેમને પગભર કરવામાં ને તેમને પોતપોતાના ક્ષેત્રોમાં, આગલી હરોળમાં મૂકવામાં હીરુભાઈના હાથમાં કોઈક ચમત્કારી જડીબુટ્ટી આવી ગઈ હોય એવું લાગે છે. એનું એક ઉદાહરણ દિલ્હીનું સરદાર પટેલ વિદ્યાલય. દિલ્હી જેવા મહાનગરમાં એમણે એ સંસ્થાને ઘાટ આપવામાં જે દક્ષતા દાખવી તેને પેલી સુપ્રસિદ્ધ ઉક્તિથી સારી રીતે આલેખી શકાયઃ He came, he saw and he conquered.

શિક્ષણ, સંસ્કાર, ઉદ્યોગ એમ રાષ્ટ્ર-ઘડતરનાં અનેક ક્ષેત્રોમાં એ મોટું પ્રદાન આપતા આવ્યા છે. વલ્લભવિદ્યાનગરના શિલ્પી ભાઈકાકા સાથે એ સંસ્થાના બીજા કોઈ ઘડવૈયાનું નામ જોડવું હોય તો ‘પટેલ સાહેબ’ અચૂક રીતે આવે. સાહિત્ય પરિષદના એક આજીવન ટ્રસ્ટી તરીકે, સસ્તુ સાહિત્ય કાર્યાલયના અધ્યક્ષ, સાપ્તાહિક ‘નિરીક્ષક’ના એક સ્થાપક અને ટ્રસ્ટી, એગ્રો-ઈકોનોમિક રિસર્ચ, ઈકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચ, ભારતીય વિદ્યાભવન, આદિ

વિદ્યા અને સંશોધનનાં વિવિધ ક્ષેત્રોમાં કામ કરતી સંસ્થાઓમાં કાર્યકારિણીના સભ્ય, સરદાર પટેલ યુનિવર્સિટીના એક કર્ણધાર અને એનાં વિવિધ અધિકાર મંડળ અને સમિતિઓના સભ્ય-આમ શૈક્ષણિક અને સંસ્કાર ક્ષેત્રે એમનું પ્રદાન ઘણું મોટું છે. એવું જ મોટું પ્રદાન ઔદ્યોગિક ક્ષેત્રોમાંનું છે. ધુવારણ વિદ્યુતમથક, ગુજરાત ફર્ટિલાઈઝર નિગમ, નર્મદા યોજના વગેરે મહત્ત્વની સંસ્થાઓ અને યોજનાઓમાંનાં એમનાં કાર્યો ઘણાં જાણીતા છે.

એમની આ બધી પ્રવૃત્તિઓ આઝાદીના અરુણોદય વખતના અત્યંત ધૂંધળા ને લોહીના છંટકાવથી લાલ બનેલા વાતાવરણની પશ્ચાદ્ ભૂમિમાં જોતાં હીરુભાઈની સ્વરાજ્યના પ્રહરી તરીકેની એક પ્રાણવાન મુદ્રા ઊપસે છે. અ વખતે વિભાજનની ગંભીર જવાબદારી એમને સોંપાઈ. માત્ર દસ અઠવાડિયાના ટૂંકા ગાળામાં આવું વિકટ કામ પાર પાડવાનું હતું અને તે તેમણે બહુ કુશળતા ને કુનેહથી સારી રીતે પ્રાપ્ત કર્યું.

આ એક ઐતિહાસિક સિદ્ધિને પગલે તરત જ બીજો પ્રચંડ પડકાર એમની સામે આવી પડ્યો. ભાગલા થતાં જે ભીષણ હત્યાકાંડ મચ્યો તેણે પાટનગર દિલ્હીને ભરડામાં લીધું. બે-ત્રણ દિવસ દિલ્હીનો જીવનપ્રવાહ ગૂંગળાઈ ગયો. આગગાડી, વિમાન વગેરેની હેરફેર ખોરવાઈ ગઈ. દિલ્હીમાંની વિદેશી કચેરીઓએ ભારતની આઝાદીનો મૃત્યુઘંટ વાગતો એમાં અનુભવ્યો. હીરુભાઈ એ વખતે કેબિનેટ સેક્રેટરી હતા. એમણે ભારે દૃઢતા, હિંમત ને કૌશલ્યપૂર્વક પરિસ્થિતિ પર અંકુશ મેળવ્યો, અધિકારીઓને વ્યવસ્થિત રીતે ખડે પગે જવાબદારી અદા કરતા કરી દીધા અને થોડા જ વખતમાં પરિસ્થિતિ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો.

સ્વરાજના સીમાડાઓ પર મજબૂત ચોકી કરવાના અને સ્વરાજની રક્ષા કરવાનાં બીજાં ઘણાં ભગીરથ કામ તેમણે હજુ કરવાનાં હતાં. કાશ્મીર પર પાકિસ્તાને આક્રમણ કર્યું ત્યારે શ્રીનગર પર જે ત્વરાથી એમણે વિમાનો દ્વારા સૈનિકો ને યુદ્ધ સાધનો ઉતાર્યા તે પરાક્રમને યુદ્ધકલાના નિષ્ણાત એવા લોર્ડ માઉન્ટબેટને પોતે જોયેલી સાહસની ઘટનાઓમાં સર્વોત્કૃષ્ટ તરીકે વર્ણવ્યું હતું. એ વખતે લશ્કરનાં જુદાં જુદાં અંગો વચ્ચે પાકી સમજ અને સુમેળ સાધવાનું કાર્ય આયોજન શક્તિની કપરી કસોટીરૂપ હતું, અને હીરુભાઈએ તે પૂરી દક્ષતાપૂર્વક પાર પાડ્યું.

આવી જ મોટી જવાબદારી હૈદરાબાદ પરના પોલિસ એકશન વખતે શિરે આવી. પૂરી ગુપ્તતા સાથે એ કામ પાર પાડવાનું હતું. એ વખતે એ ડિફેન્સ સેક્રેટરી હતા. હૈદરાબાદને ત્રણ રાજ્યોના સીમાડા સ્પર્શતા હતા. આ ત્રણે રાજ્યોને વિશ્વાસમાં લઈ, પૂરી ગુપ્તતા

 ISSN 0976 – 9609

સાથે કરવાનું આ કાર્ય કેટલી બધી કુનેહ ને ઝીણવટની અપેક્ષા રાખે તે સમજાય એવું છે. એ એમણે ઉત્તમ રીતે પાર પાડ્યું અને એ માટે એ વખતના હૈદરાબાદ એજન્ટ જનરલ શ્રી કનૈયાલાલ મુનશીએ એમનાં ભારોભાર વખાણ કર્યાં છે.

આમ સ્વરાજ ઉપર જ્યાંથી આક્રમણો થયાં તે સૌ સામે અડીખમ પહાડની જેમ ખડા રહી આક્રમણોના તેમણે ભાંગીને ભુક્કા કર્યા, અને તે પછી એવાં આક્રમણો વખતે દેશ ઊંઘતો ઝડપાઈ ન જાય એ માટે એમણે જે રચનાત્મક પગલાં લેવા માંડ્યાં તેમાંનું એક આપણે ત્યાં યુદ્ધ સરંજામને લાગતું, અને બીજા શૈક્ષણિક અને ઔદ્યોગિક અનુબંધોને લગતાં હતાં. એ પૈકી યુદ્ધ સરંજામ ઉત્પન્ન કરવાનું કાર્ય કેટલું મહત્ત્વનું હતું એનો ખ્યાલ આપણને વિદેશી આક્રમણ વખતે બહુ સચોટ રીતે આવ્યો. નેટ વિમાનોની કામગીરી હજુ પણ આપણી સ્મૃતિમાં તાજી જ છે અને એ શસ્ત્રોત્પાદનની જે પ્રવૃત્તિ આપણે ત્યાં હાથ ધરાઈ હતી તે વિના ભાગ્યે જ બન્યું હોત.

આમ, શ્રી હીરુભાઈ ગુજરાતની ધરતીના તે પનોતા પુત્રો પૈકીના એક છે, જેમાં વિરાજે છે. સરદાર જેવા નરકેસરી. સ્વરાજ્યની લડત દરમિયાન એ સ્વરાજ્યના સૈનિકોની હરોળમાં જોડાઈ ન શક્યા હોય તેનો જાણે બદલો વાળતા હોય તેમ સ્વરાજ્ય આવતાં જ તે એના ચોવીસે કલાકના ચોકીદાર બન્યા. એ એમની સાધના એમને રાજકારણમાં દોરી ગઈ, ત્યાં પણ એમણે અનેક વિષમ પ્રકૃતિવાળાઓ સામે ફુગાવાના દૈત્યને નાથવા બનતું કર્યું અને અન્યના હાથમાં એ જવાબદારી જઈ પડતાં શું થયું ને થઈ રહ્યું છે એ અત્યંત કારમી કહાણી છે. તો આપણે એટલી આશા જરૂર રાખી શકીએ કે હીરુભાઈ પોતે સ્વેચ્છાએ સ્વીકારેલી સ્વરાજના પ્રહરીની જવાબદારીમાં ગમે તેવા કપરા સંજોગોમાં પણ મેરુની, જેમ અચલ રહી નવભારતના ઘડતરમાં દીર્ઘકાળ પર્યન્ત પોતાનો મૂલ્યવાન ફાળો આપતા રહેશે.

(- 'શ્રી.એચ.એમ.પટેલ. અમૃત મહોત્સવ અભિનંદન ગ્રંથ'માંથી સાભાર)

## ઓનલાઈન જીવનના આટાપાટા

એસ.જી.પટેલ

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસ (કોવિડ-૧૯) ની શરૂઆત ડિસેમ્બર-૨૦૧૯માં ચીનથી થઈ હતી. "New Normal" જેવો શબ્દસમૂહ ખાટો-મીઠો હોવા છતાં વ્યવહારમાં વણાઈ ગયો છે. સમયના વહેણ સાથે આ મહામારી દુનિયાના તમામ દેશોમાં પ્રસરી ગઈ છે. છેલ્લા ઘણા વર્ષો પછી પહેલીવાર એવું બન્યું કે વિશ્વ સામાન્ય કાર્યશૈલીથી થંભી ગયું. દરેક દેશને રોગચાળો અટકાવવા માટે રાષ્ટ્રભરમાં લોકડાઉન જાહેર કરવાની ફરજ પડી. તેના પરિણામ સ્વરૂપ જનજીવનની ઘણીબધી પ્રવૃત્તિઓ ઓનલાઈન કરવામાં આવી. તેમાં શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષણકાર્યથી લઈ સરકારી, અર્ધસરકારી અને ખાનગી સંસ્થાઓ, વેપાર-રોજગાર બધાનો સમાવેશ થયો. જીવનશૈલીનો આ તબક્કો "New Normal" ગણાવા લાગ્યો. શાળાઓ, મહાશાળાઓ અને યુનિવર્સિટીઓમાં વર્ગશિક્ષણ, પરીક્ષાઓ, પ્રેઝન્ટેશન અને વાઈવા પણ ઓનલાઈન થયા.

ઓનલાઈન એજ્યુકેશનમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેમની અનુકૂળતા પ્રમાણે શિક્ષણકાર્ય કરતા અને કરાવતા રહ્યા. તેની સરખામણી ઓફલાઈન એજ્યુકેશનમાં વિદ્યાર્થી-શિક્ષક આમને-સામને એકબીજાના સહવાસમાં રૂઢિગત રીતે સાથે રહી ભણે અને ભણાવે. શિક્ષણ વ્યવસ્થાના આ બંને પ્રકારના લાભાલાભ છે.

### ઓનલાઈન એજ્યુકેશનના ફાયદા

તે સગવડભર્યું છે. તેમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણ (મોબાઈલ ફોન, ટેબ્લેટ, કમ્પ્યુટર, લેપટોપ) અને ઈન્ટરનેટ જોડાણ મહત્ત્વનું છે. કેટલાંક લોકોને અપવાદ ગણીએ તો એ આર્થિક રીતે આવકારદાયક છે. તેમાં હાજરીનું ભારણ રહેતું નથી. થઈ ગયેલા શિક્ષણકાર્યનું રેકોર્ડિંગ જ્યારે જરૂર પડે ત્યારે પુનઃઉપલબ્ધ હોવાથી પુનરાવર્તન અને દૃઢીકરણ માટે લાભદાયી છે.

### ઓનલાઈન એજ્યુકેશનના ગેરલાભ

ઈલેક્ટ્રોનિક ઉપકરણોની સામે સતત બેસી રહેવું એ મોટાભાગના વિદ્યાર્થીઓ માટે પીડાજનક આવસ્થા છે. લાંબો સમય સ્ક્રીન સાથે વળગી રહેતાં વિદ્યાર્થીના સ્વાસ્થ્ય અને સવિશેષ આંખો માટે હાનિકારક છે. ઈન્ટરનેટ કનેક્ટિવિટીની ક્ષમતામાં ઊભા થતા અવરોધો અસહ્ય બની જાય છે. ચાલુ શિક્ષણકાર્યમાં ટેકનિકલ ખામી સર્જાતાં ભણનાર અને ભણાવનાર બંને માટે માનસિક ત્રાસ ઊભો થાય છે. વિદ્યાર્થી સતત એકલતાનો ભોગ બને છે. સમવયસ્કોનો સહવાસ ન હોવાથી વિદ્યાર્થીની મૂંઝવણો વણઉકેલી રહેવાથી હતાશા-નિરાશાનું નિવારણ મુશ્કેલ બને છે.

### ઓફલાઈન એજ્યુકેશનના ફાયદા

» વિદ્યાર્થીઓ સંપૂર્ણપણે વર્ગશિક્ષણમાં ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

» ઓનલાઈન શિક્ષણમાં વિદ્યાર્થીઓનું આકર્ષણ બીજી વિઘાતક ચેનલો કે એપ તરફ ખેંચાઈ જવાથી શાળાકીય શિક્ષણમાંથી સહેલાઈથી ફારેગ થઈ નકારાત્મક વલણોમાં ઢસડાઈ જાય છે.

» શિક્ષક પ્રત્યેક વિદ્યાર્થી પ્રત્યે સરળતાથી ધ્યાન રાખે છે અને તેની નાની-મોટી સમસ્યાનું સહેલાઈથી નિરાકરણ લાવી શકાય છે.

### ઓફલાઈન એજ્યુકેશનના ગેરલાભ

» વિદ્યાર્થીઓ એડવાન્સિંગ ટેકનોલોજીના લાભથી વંચિત રહી શકે.

» શાળા-કોલેજના કેમ્પસથી દૂર વસતા વિદ્યાર્થીઓના આવવા-જવાના સમયનું આયોજન અઘરું બની જાય છે.

 ISSN 0976 – 9609

» જે વિદ્યાર્થીઓ નિયમિત ક્લાસ ચૂકી ગયા હોય તેમના માટે રેકોર્ડિંગ જેવી અગત્યની માહિતીના અભાવે શિક્ષણકાર્યની ઊભી થયેલ ખોટ ભરપાઈ કરી શકાતી નથી.

આવી શિક્ષણ વ્યવસ્થાને કારણે થતા ફાયદા કે ગેરફાયદા બધા માટે સર્વસામાન્ય નથી. તે જુદીજુદી વ્યક્તિઓ માટે જુદા-જુદા હોઈ શકે. છતાં, ઉપરોક્ત ચર્ચામાં લેવાયેલ મુદ્દા સામાન્ય જનતામાં પ્રચલિત ગણાય છે. ઉપરોક્ત ઓનલાઈન એજ્યુકેશન પ્રમાણમાં ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને વધારે માફક આવે છે. કારણ કે તેમનામાં ભણવા માટેલી લગન અને સમજણની પરિપક્વતા વધારે હોય છે. તેઓ દૂષિત એપનો સહેલાઈથી ભોગ બનતા નથી. ઓફલાઈન શક્ષિણ પ્રાથમિક અને માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે વધારે ફાયદાકારક છે. તેમનામાં રહેલી સર્જનાત્મક શક્તિ અને સાથી વિદ્યાર્થીના સહવાસની હૂંફ મળતાં ભણવામાં મજા પડે છે. મોટાભાગનાં નાનાં બાળકોને તેમના માતા-પિતા સાથે બેસી ભણવામાં મજા આવતી નથી, તેથી જ શાળામાં જઈ સમવયસ્કોની સાથે જ્ઞાન અને ગમ્મત મળે એમાં જ એમની ખુશી જળવાઈ રહે છે.

**સક્ષમ ઓનલાઈન એજ્યુકેશન : શિક્ષકની જવાબદારીઓ**

» એક ઓનલાઈન ક્લાસનો મહત્તમ સમય ૪૦-૪૫ મિનિટ જેટલો મર્યાદિત રાખવો.

» બે ઓનલાઈન ક્લાસ વચ્ચે ૧૫ મિનિટનો વિરામ આપવો.

» અઠવાડિયાનો અંતિમ ક્લાસ વિદ્યાર્થીઓની સમસ્યા નિવારણ અંગેનો રાખવો.

» વિદ્યાર્થીઓને આપવામાં આવતું ગૃહકાર્ય વિદ્યાર્થી ઓના ભણવાના બીજા વિષયોની સાપેક્ષમાં સમતોલ સચવાઈ રહે તેનું ધ્યાન રાખવું.

**ઓનલાઈન એજ્યુકેશનમાં વિદ્યાર્થીઓ માટે સાવચેતી:**

» બે ક્લાસ વચ્ચેના વિરામ સમયે સ્ક્રીનથી અલગ થઈ જવું.

» પોષણયુક્ત ખોરાક લો અને જરૂરી ઊંઘનો સમય સાચવો.

» ભણતી વખતે ન સમજી શકેલા મુદ્દાઓની સ્પષ્ટતા વહેલી કરી લો.

» સમસ્યા કે ન સમજી શકેલા મુદ્દાઓને સમસ્યા ઉકેલ સમયમાં રજૂ કરવા મુદ્દાસર નોંધ કરવાની ટેવ કેળવો.

» વર્ગશિક્ષણમાં ઊભી થતી ટેકનિકલ ગૂંચ નિવારણ માટે શિક્ષકને તાત્કાલિક અથવા આગોતરી જાણ કરો.

ઓનલાઈન અને ઓફલાઈનના જમાનામાં આ વાર્તા સમજવા જેવી છે.

એક યુવાન એના પિતાજીની સાથે બેંકમાં ગયો. યુવાનના પિતાજીની થોડી રકમ ક્યાંક ટ્રાન્સફર કરવાની હતી. બેંકમાં થોડો વધારે સમય લાગવાથી યુવાન અકળાયો અને એના પિતાજીને પૂછ્યું કે 'તમને ઈન્ટરનેટ બેંકિગ સુવિધાનો વપરાશ કેમ નથી કરતા? તમારો મોબાઈલ ફોન આપો હું તમને ઈન્ટરનેટ બેંકિગ શરૂ કરી આપું.'

એના પિતાજીએ સામે પૂછ્યું - 'બેટા મારે ઈન્ટરનેટ બેંકિગ શા માટે કરવું જોઈએ?' યુવાને ખૂબ જ ઉત્સાહિત થઈને જવાબ આપ્યો. - 'પિતાજી, ઈન્ટરનેટ બેંકિગ શરૂ કર્યા પછી તમારે મની ટ્રાન્સફર જેવી વસ્તુઓ માટે બેંકમાં નહીં આવવું પડે અને તમે તમારી જરૂરી વસ્તુઓની ખરીદી ઓનલાઈન કરી શકશો. બધું ખૂબ સરળ થઈ જશે.'

પિતાજીએ સામે પૂછ્યું - 'તો આ સુવિધા શરૂ કર્યા પછી મારે ઘરની બહાર નહીં નીકળવું પડે, બરાબરને!' યુવાને જવાબ આપ્યો - 'હા... હા, ક્યાંય જવાની જરૂર

નથી અને ઘર વપરાશની વસ્તુઓ તમને ઘરના દરવાજે જ મળી શકે છે. ઘણા ઓનલાઈન પ્લેટફોર્મ આ સુવિધા આપી રહ્યા છે.' ત્યારબાદ એના પિતાજીનો જવાબ સાંભળીને યુવાનની જીભ બંધાઈ ગઈ!!!

એના પિતાજીએ કહ્યું- 'બેટા, હું આજે આ બેંકમાં દાખલ થયો ત્યારથી હું મારા ચાર મિત્રોને મળ્યો છું, મેં સ્ટાફ સાથે થોડીવાર ગપસપ કરી જે મને અત્યાર સુધી સારી રીતે ઓળખે છે. મને બેંકમાં આવવું ગમે છે અને મારી પાસે પૂરતો સમય પણ છે, જે આત્મીયતાનો સંબંધ હું ઇચ્છું છું એ અહીં મળે છે. તને યાદ છે બે વર્ષ પહેલાં હું બીમાર પડ્યો ત્યારે પેલા ફળોની દુકાનવાળો ભાઈ, જેની પાસેથી આપણે ફળો ખરીદીએ છીએ તે મને મળવા આવ્યા હતા અને મારી પથારી પાસે બેસી રડ્યા હતા. થોડા દિવસો પહેલાં મોર્નિંગવોક કરતી વખતે તારા મમ્મી પડી ગયા ત્યારે આપણી બાજુની શેરીના કરિયાણાની દુકાનવાળા ભાઈ દોડીને ત્યાં પહોંચ્યા હતા, હોસ્પિટલ લઈ ગયા હતા અને સારવાર કરાવી ઘરે મૂકી ગયા હતા કારણ કે એ મને ઓળખતા હતા. સોસાયટીના નાકા આગળ આવેલા કોમ્પલેક્સમાં આવેલ મેડિકલ સ્ટોરવાળાએ દવા ઘરે પહોંચાડી અને કંઈ કામકાજ હોય તો જણાવશો તેવું આશ્વાસન આપતો રહ્યો. આ આત્મીયતા ક્યાંથી મળે?'

જો બધું જ ઓનલાઈન થઈ જશે તો આવા માનવતાના સ્પર્શ ક્યાંથી મળશે? શા માટે આપણે ફક્ત એવું જ ઇચ્છીએ કે બધું આપણાં સુધી પહોંચી જાય અને આપણને ફક્ત મોબાઈલ ફોન અને કમ્પ્યુટર સાથે જ વ્યવહાર કરીએ? આપણી આજુબાજના લોકો ફક્ત વસ્તુ વેચનારા નથી, તેઓ ખરીદીની સાથે માનવ સંબંધોના સાચા સ્પર્શ પણ આપે છે, જેની આજના દરેક વ્યક્તિને ખૂબ જ જરૂર છે. શું ઓનલાઈન પ્લેટફોર્મ આવી સ્પર્શભરી સુવિધા આપી શકશે?

યાદ રાખો- ફક્ત ટેકનોલોજી એ જીવન નથી. આજુબાજુના લોકો સાથે સમય પસાર કરો, માત્ર ઉપકરણો સાથે નહિ.....

---

- માનદ્‌મંત્રી ચારુતર વિદ્યામંડળ
વલ્લભવિદ્યાનગર
ફોનઃ- (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
ઈ-મેઈલઃ- sgpatel1948@gmail.com

**।। અભિનંદન ।।**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં સેવારત કલાશિક્ષક, લેખક, કવિ ડો.ખન્નાપ્રસાદ કે.અમીન દ્વારા રચિત ''આદિવાસી કી મૌત'' પુસ્તકને કાવ્યસંગ્રહ વિભાગમાં 'બેસ્ટ બુક ઓફ ધ યર-૨૦૧૯' એવોર્ડ યોજના અંતર્ગત ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર દ્વારા તૃતીય ક્રમે પસંદગી કરવામાં આવી અને રૂપિયા ૫૦૦૦/- નો રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. ડો.ખન્નાપ્રસાદ અમીનના લેખન અને કાવ્યસર્જનની કલાને બિરદાવવા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા સને-૨૦૧૭માં ''સાહિત્ય ગૌરવ'' પુરસ્કારથી પણ નવાજવામાં આવ્યા હતા. તેઓશ્રીના અત્યાર સુધીમાં કુલ ૧૬ પુસ્તકો પ્રકાશિત થયાં છે. ચારુતર વિદ્યામંડળ, સરદાર પટેલ યુનિવર્સિટી અને ટી.વી.પટેલ હાયર સેકન્ડરીને ગૌરવ અપાવવા બદલ આચાર્યશ્રી વિજયકુમાર સુથાર અને સમગ્ર શાળા પરિવારે તેઓની યશસ્વી કારકિર્દી માટે શુભેચ્છાઓ અને શ્રેષ્ઠ સર્જન માટે અભિનંદન પાઠવ્યા હતા.


ISSN 0976 – 9609

## સુરતામાં હરિ સંધાણા

**રવિસાહેબ**

સખી, સાંભળને કહું એક વાતડી, દહાડો અનુપમ દીઠો રે,
મુને સતગુરુએ શબદ સુણાવિયો, એ તો સાંભળતાં લાગે મીઠો રે.

સખી, ભાંગી દિલ કેરી ભ્રાંતડી, પરમાતમ જોયા સરખા રે,
સખી, નેણે નીરખ્યા મારા નાથને, મારી મટી ગઈ અંતર તરસા રે.

સખી, શું રે કરું હવે સાધના, મારી સુરતામાં હરિ સંધાણા રે,
સખી, જ્યારે જોઉં ત્યારે દીસે પાસમાં, મારે વચને વાલોજી બંધાણા રે.

સખી, જોગ બન્યો જુગદીશનો, હરિ અબળાને મોલે આવ્યા રે,
સખી, બોધ કરીને બળ દાખવે, એ તો ફાલ્યાં ફૂલ કરમાવાં રે.

સખી, ઊંચું જોઉં તો આકાશમાં, હું હેરું તો હરિ હેઠા રે,
સૂઈને જોઉં તો ઝલકે સેજમાં, બેસું તો તખત પર બેઠા રે.

સખી, પરણી પિયુજીને પ્રીછવે, કુંવારી કંથમાં શું જાણે રે,
કુંવારી રમે ઢીંગલે પોતિયે, એ તો મેરમને શું માણે રે.

સખી, પરણ્યા પિયુજીની પ્રીતડી, મૈયરિયે નવ કહીએ રે,
સખી પોતે જણાવે પ્રીતડી, એનાં લોચનિયાંમાં લહીએ રે.

સખી પિયુ મળ્યાનાં પારખાં, એની કાયા કહી બતલાવે રે,
સખી, અરસપરસ અંગ હુઈ રહ્યાં, તેને ખલકમાં કોણ ખાળે રે?

સખી, ગાંડી ઘર ચલાવે નહીં, એ તો પીયરિયે જઈ શું માલે રે,
સખી, ચિત્ત રે ચડ્યું એનું ચાકડે, એ તો ઠગનીને શું ઠારે રે.

સખી, મેલી મરજાદા જે મળ્યા, એની છત નહીં રે'વે છાની રે,
સખી, ભાણ પ્રતાપે રવિ બોલિયા હું તો મેરમને મન માની રે.

## વરસે ધરતી

**ડાડા મેકરણ**

વરસે ધરતી, ભીજે આસમાન,
સવરી વાણીરા પૂરા પરમાણ.

બારે બારે બછડા, સોરે સોરે ગાઈ,
દોતે ગોરખનાથ રેન વિહાઈ

નવી નવી હાટડી, માંહી જૂનાં જૂનાં નાણાં,
પારખુ પારખો, પારખી લ્યો, નાણાં

મારો મારો નીંદરા, જગાડી લ્યો ભમરા,
હમીરસ પીવે તાકું જખ મારે જમરા

ગુરુમુખ વચન, ગગન ઘર રહેણા,
બોલ્યા શ્રી મેકા પ્રેમ પુરાણા.

## ઈંગારે બીજ ક્યું બોતા?

**રવિરામ**

હર દરિયામાં હમેશ નાતા
મન મેલા તેરા ક્યું રે'તા?

રામ સરીખા સાબુ છોડ કર,
કાદવ કપડા ક્યું ધોતા?

સ્રાધ સરાવતાં બોત જુગ બીત્યા, મૂવા પછે મુખ ક્યું જોતા ?
આવ્યા પુરુષને આદર નહિ દેતા, મૂવા બાપને ક્યું રોતા ? --હર૦

ઊગે ત્યાં તો કબૂ ન વાવે, ઈંગારે બીજ ક્યું બોતા ?
ખાય પીએ ને મારે ખાસડે, ખરા માલ મૂરખ ક્યું ખોતા ?--હર૦

આંબા વૃક્ષ કી છાયા છોડ કર, આંકડે આસન ક્યું સોતા?
હંસ સભા મેં કબૂ ન બેઠા, બગ સાથે ખાવે ગોથા. ?--હર૦

પરત્રીયા સેં પ્રીત કરીને કૂડી નજરે ક્યું જોતા ?
પતિવ્રતા ઘેર નાર પદમણી, ગુનકા સે નવ ક્યું મોતા ? --હર૦

કર લે બંદગી સાચા સાહેબની, અમર નહિ રે'વે તેરા તોતા,
કહે રવિરામ ગુરુ ભાણ પ્રતાપે આ અવસર ફિર નહીં હોતા --
હર દરિયામાં હમેશ નાતા.

## કરી લે બંનગી

**લાલદાસ**

આ પલ જાવે રે કરી લે બંનગી,
ગઈ પલ ફેર નહિ આવે રે - કરી લે બંનગી
કર મન જ્ઞાના, ધરી લે ધ્યાના,
મૃગજળ દેખી મૃગલા ધાવે રે - કરી લે બંનગી
શિર પર વેરી, લેશે તને ઘેરી,
સૂતે બંદા, નીંદરા કેમ આવે રે? - કરી લે બંનગી
કર કર બંનગી, જાય જો જિંદગી,
પ્રભુને ભજે ભે પણ જાવે રે - કરી લે બંનગી
યા મન મરણા, લેખા ભરણા,
મુખે ઉત્તર એક નહિ આવે રે - કરી લે બંનગી
કહે લાલદાસ તમે ભજો ભગવાના,
સમજુને શું તો સમજાવે રે ? - કરી લે બંનગી
આ પલ જાવે રે, કરી લે બંનગી.


ISSN 0976 – 9609

## વિદાય વેળાએ

કેશુભાઈ દેસાઈ

(સોનેટ/મંદાક્રાન્તા)

કાલું કાલું કંઈક લવતું, લાગતું ખૂબ વ્હાલું;
તારા કૂણા પગરવ તળે હું શિશુ થૈ મહાલું!

ઊગ્યું ત્યારે જરીક અમથું વેંત જેવું રૂપાળું:
ધીરે ધીરે ગયું ઊઘડતું ફૂલ મારું સુંવાળું !

નીલી આંખો અવનવું કશું શોધતી નિત્ય તારી,
ગોરા ગોરા મુખ પર સદા દિવ્ય આભાસ ભાળું...

વ્હાલું ઘેલું કસતું રમતું દોડતું શું દડાની-
પૂંઠે પૂંઠે ગરી જતું કદી ફ્રીઝ કે કોટ નીચે,

ખંભે લેઈ મધુર ગીત ગાતો ઉતારું બગીચે,
ધીમાં થોડાં ડગ ભરી પછી આંગળી થાય ઊંચે !

'તેડો' એવું વદી ન શકતી એટલે એ ઈશારો,
હા બેટા, ના જરીય નડતો દાદુને ભાર તારો...

ઓચિંતું એ સુખદ સપનું હાય, છોડી જઉં છુઃ
શેં વેઠાશે કુસુમ તુજને વૃક્ષ કેરી વિદાય !!

૧૩-ઐશ્વર્ય-૧, પ્લોટઃ૧૩૨
સેક્ટર ૧૯, ગાંધીનગર ૩૮૨૦૨૧
(મો) -૮૨૦૦૦૭૧૩૬૩

ગઝલ

## સ્વપ્નની ભારી

હરીશ પંડ્યા

પાંપણો પર સ્વપ્નની ભારી હતી,
આભ જોવા એક બસ બારી હતી.

એક ઇચ્છા ના ફળી અફસોસ છે,
વાત જે કહેતા અમે ધારી હતી.

છોડ કુમળો કેમ ના હરખે હવે,
હાથમાં એનાં ભરી ઝારી હતી.

વાત કરશો ના તમે હેમંતની,
પાનખર સાથે કરી યારી હતી.

વેદના પૂછો તમે આ વૃક્ષની
વ્હેરતી આરીય બેધારી હતી.

ડી-૧, ત્રિલોચન સોસાયટી,
ઘોઘા જકાતનાકા પાસે
રીંગ રોડ, સુભદ્રાનગર
ભાવનગર - ૩૬૪૦૦૧
મો. ૯૪૨૮૪૦૧૬૨૭

## ભાંગતી રાતે

**યોગેશ પંડ્યા**

અડધી રાતે નેળિયાં વાટે કોઈ મંજાયેલ ઝીણલાં સાદે
જાય ગવાતાં કોઈ ભજનનાં ઢાળમાં મારી સીમ ઢોળાતી જાય....
સીમશેઢાની ઝાંખરી આડે આંખ મીંચીને જંપતું કોઈ
સસલું, એના રવથી ડરી સોંસરુ થતું પટમાં દોડી જાય...
ઓરડી પાંહે ખાટલો ઢાળી જંપ્યો કોનો સાયબો
એની ઘેનભરેલી આંખમાં ભીંના સપનાં કરે વાત,
આ અડાબીડ એકલો પંડ્યે ઘરથી આઘો
ઘરનાં સૂનાં મેડલે સૂની સેજ ઉપર ટળવળતી જોબન-રાત !
ઘરથી શેરી સોંસરો ઝીણો રવ સૂણીને ઊઘડે બારી-
નમણી આંખો શોધતી કોને? સાયબાને એ કેમ કરી સમજાય?
ભાંગતી રાતે મેઘના ગેડેડાટ સૂણીને ચાકળે ચિતરેલ મોર-
ગળાનાં કટકા કરી ટહૂકે હારોહાર
તરસે હેયું, છમ્મભીની મોસમમાં આંખ્યું વાટ નિરખતી
સાયબાજીને આવવામાં છે કેટલી હજી વાર?
રાત ઢોળાતી, જાત ઢોળાતી જાય ને પણે સાયબાને સમજાય?
-કે, ઓલી ઓઢણી ભીના અંગ ઉપરથી કેમ રે સરી જાય?

૧૪૧/શિવનગર,
તળાજા રોડ,
ભાવનગર-૩૬૪૦૦૨
મો. ૯૩૭૭૧૧૪૮૯૨

## 'સજળ છે...!'

**સિકંદર મુલતાની**

આપદા આકળવિકળ છે,
માંહ્યલો મારો સબળ છે!

તોય કાદવની તને સૂગ?
હાથમાં મારા કમળ છે!

કાન માંડો એ દિશામાં,
જે દિશા.. વાણી, અવળ છે!

ત્યાં જ સાચી, જાતરા-હજ,
જ્યાં મળે.. નેત્રો સજળ છે!

હસ્તરેખા એ બદલશે,
કાર્ય જેનું ઉજ્જ્વળ છે!

આંખ સામે, આભ રાખો,
શું 'સિકંદર' તળ-અતળ છે?

માળીવાડ, જગન્નાથજીના મંદિર પાસે,
ગ્રીનચોક, લીંબડી-૩૬૩૪૨૧


ISSN 0976 – 9609

## ધનનું ધન

મનુભાઈ પંચોળી 'દર્શક'

છેલ્લા પચાસ વર્ષમાં ઘણી શોધો થઈ છે. ચંદ્ર પર અને સૂર્યમંડળમાં રૉકેટો, ઉપગ્રહો મોકલવાની અદ્‌ભૂત શોધો માણસે કરી છે. છેલ્લાં પચાસ વર્ષમાં થયેલી મોટામાં મોટી શોધ હું બાલશિક્ષણશાસ્ત્રની ગણું છું. મારી અફર શ્રદ્ધા છે કે જો માણસજાતને મુક્તિનો અનુભવ લેવો હશે, તો તેણે બાલશિક્ષણની આ શોધ પાસે આવવું પડશે. ત્યારે જ શાંતિનું ક્ષેત્ર વિસ્તરશે, ત્યારે જ મુક્તિનું સાચું પ્રભાત ઊઘડશે.

એટલે બાલશિક્ષણનું કામ એક ધાર્મિક કામ છે, ને બાલશિક્ષકો શાંતિ-સૈનિકો છે. આવું કામ કરનારા શિક્ષકો ભારે આદરને પાત્ર છે. કારણ કે સમાજના સ્વાસ્થ્યને સુખ માટે તેઓ પાયાનું કામ કરી રહ્યા છે.

આપણા ધન, આબરૂ, સુખાશા એ બધાંને માટે આપણે વારે વારે શેરબજાર, પોલીસ કે અદાલત તરફ જોઈએ છીએ. તેને બદલે જો આપણે બાલમંદિરો તરફ જોતા, બાલમંદિરો પાસેથી મદદ માગતા થઈએ, તો સંભવ છે કે આપણી આશા વહેલી સફળ બને. કારણ કે ધનનું ધન આખરે તો આપણાં સુશીલ સંતાનો છે, અને તેમને સુશીલ બનાવવાની મોટામાં મોટી શક્યતા યોગ્ય બાલશિક્ષણમાં છે.

કેળવણીનું ધ્યેય આમ તો સનાતન છેઃ વિદ્યાર્થીને માણસ બનાવવો. રુસોએ સુયોગ્ય રીતે જ કહ્યું છે કે, 'મારો વિદ્યાર્થી લશ્કરમાં, દેવળમાં કે ન્યાયાલયમાં જશે, તે મને બહુ સ્પર્શતું નથી; પહેલાં તે માણસ થશે.' આનો અર્થ સ્પષ્ટ છે કે જે સારો માણસ નથી તે સારો સિપાહી, સારો ધર્મગુરુ કે સારો ન્યાયાધીશ ન થઈ શકે.

પણ આખરે તો આ સારપ કોઈ ને કોઈ રીતે અમુક સમય કે સ્થળમાં મૂર્તિમંત થવાની હોય છે. કેળવણીના સિદ્ધાંતો સાચા હોય તો પણ તેને કાર્યરત તો યુગની માંગ પ્રમાણે જ કરાય. તેમ ન થાય તો ઉત્તમમાં વિચાર નિષ્પ્રાણ કે ભ્રામક કાર્યક્રમોમાં પડ્યો રહે. સનાતન સત્યે યુગધર્મમાં પરિવર્તિત થવું જ જોઈએ.

ગઈ સદીનાં કેટલાંયે દઢ મનોબળવાળાં, સહજ તપ કરવાવાળાં સ્ત્રી-પુરુષોનાં હૃદયસ્પર્શી શબ્દચિત્રો શ્રી મુકુન્દરાય પારશર્યે આપ્યાં છે. એ વાંચતાં ઘણીવાર હું ગદ્‌ગદ થયો છું. પણ હરેક વાચને મને થયું છે કે, આવાં ધાર્મિક સ્ત્રી-પુરુષો હોવા છતાં આ દેશ ગુલામ કેમ બન્યો? અહીં અસ્પૃશ્યતા શા માટે? અહીં સતીનો રિવાજ, બાળકીને દૂધપીતી કરવાનો રિવાજ, સ્ત્રીઓને તુચ્છ ગણવાનો ચીલો કેમ? શા માટે આ ધાર્મિક પુરુષો કે સ્ત્રીઓનું ધ્યાન એ બાજુ ન ગયું?

અને ગાંધીએ એ જ તપ અને ધર્મવૃત્તિનું આચરણ કર્યાં છતાંયે, એ જ ગુલામી અને દૂષણો સામે શા કારણે બળવો કરતાં શીખવ્યું? તેનું સાદું કારણ ધર્મના સનાતન અને નૂતન યુગાનુકૂળ સ્વરૂપ વિશે તેમની સ્પષ્ટ સમજ હતી, તે લાગે છે.

(- 'અરધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર)

।। વિદ્યાવૃત્ત ।।

## એરિબાસ બાયોટેકનોલોજી કોલેજમાં એન.એસ.એસ. સ્થાપના દિવસ યોજાયો.

સીવીએમ યુનિવર્સિટી સંચાલિત ન્યુ વિદ્યાનગરની એરિબાસ બાયોટેકનોલોજી કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે તેમજ આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ગુજરાત સહિત દેશભરમાં પોષણ માસની ઉજવણી અન્વયે ફંક્શનલ ફૂડ ઉપર ડો. અંકિતા સિંહ, (આસિ. પ્રોફેસર, ફૂડ પ્રોસેસિંગ ડિપાર્ટમેંટ, એડીઆઈટી કોલેજ) દ્વારા વ્યકતવ્ય રાખવામા આવ્યું હતું, જેમાં પોષણયુક્ત આહાર અંગેની સમજણ, મહત્ત્વ અને ફાયદા વિષેની વિસ્તૃત સમજ વિદ્યાર્થીઓને આપી હતી. સંસ્થાના ઇન-ચાર્જ હેડ ડો.ભક્તિ બાજપાઈના માર્ગદર્શન મુજબ એન.એસ.એસ કન્વિનર ડો. કલ્પેશ ઈષણાવા અને ડો. નિશા દક્ષિણી (કન્વિનર, જ્ઞાન-ફોરમ) દ્વારા આયોજન કર્યું હતું, આ પ્રસંગે વૃક્ષનાં રોપાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

।। સમીક્ષા ।।

## લોકકથાના કથાબીજનું સર્જનાત્મક રૂપાંતરણ

### સોનાના પિંજરનાં પંખી (નવલકથા)

**લે:ઉત્પલ પટેલ-પ્ર:પાર્શ્વ પ્રકાશન**

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

ડો. ઉત્પલ પટેલ ઉત્તર ગુજરાતના તેજસ્વી અધ્યાપકોમાંના એક છે. તેમણે સમીક્ષક તરીકેની ગુજરાતી સાહિત્ય જગતમાં નામના મેળવી છે, અહીં સર્જક તરીકે તેમની શક્તિઓનો પરિચય મળી રહે છે. આ સોનાના પિંજરનાં પંખી એ તેમને મન નવલકથા છે. મારે મન લોકકથા છે, પણ તેમાં જે ચેતનાસંચાર કરવામાં આવ્યો છે તેને કારણે તેની આગળ 'નવલ' વિશેષણ આપી શકાય, અલબત્ત કથાબીજ તો લોકકથાનું છે.

ઉમતા ગામ રામચંદ્ર પટેલની ઓળખ છે, તે ગામનું નૈસર્ગિક વાતાવરણ અને તળભૂમિનો પ્રાણસંચાર રામચંદ્રની નવલકથા, નવલિકા અને નિબંધોમાં સુપેરે ઝીલાયો છે. એ ગામગંધનો આ નવલકથામાં વિસ્તાર થયો છે તે જોઈએ.

વૃદ્ધ માજીના મુખે વારતા લખી લેવી-એ તો સંપાદન થયું, પણ એ સંપાદન રહેતું નથી અહીં સર્જન બને છે.

એક રાજાની પ્રથમ રાણી, મૃત્યુ ટાણે રાજા પાસે બીજાં લગ્ન નહિ કરવાની પ્રતિજ્ઞા લેવડાવે એમાં તેના પુત્રોને અન્યાય ન થાય એવો સ્વાર્થ દેખી શકાય છે. નવી રાણી આવે છે એટલે કે અપરમા દાખલ થાય છે-અને બંને પુત્રો ધૈર્ય-શૌર્યને ક્રૂરતાપૂર્વક હણી નાખી આંખો કાઢી નાખવાનું જે કાવતરું રચે છે-મારાઓને હુકમ આપે છે. મારાઓ પણ લાચાર છે. ભૂતકાળમાં તેમને રાણીએ સહાય કરેલી છે. નવી રાણીના હુકમ મુજબ વગડામાં લઈ જઈ મારાઓ તેમનો નાશ કરવાના હતા ત્યાં વાવમાં પાણી પીવા જતા, ગોખમાં બેઠેલી વરાહી દેવીમાં મરનાર પ્રથમ રાણી પદ્માવતીનાં દર્શન થાય છે એટલે ધૈર્ય-શૌર્ય બચી જાય છે- આ જાણીતું કથાબીજ.

ધૈર્ય જંગલમાંથી કેવી રીતે રાજા બની જાય છે અને શૌર્ય પણ નસીબનો બળવાન પુરવાર થાય છે હાથણીનો કળશ, ધૈર્યને રાજા બનાવે એ ઘટના અને શૌર્ય પણ પ્રારબ્ધબળે રાજાધિરાજ થાય એ ઘટના જંગલમાં મંગલના સંકેતો આપે છે. રાણીના હુકમનો સહજ અનાદર થાય છે ખરો, પણ બીજી તરફ નિર્દોષ બાળકોના ઉજ્જવળ ભાવિનો નકશો કંડારાય છે.

વલ્લભીમાએ માંડેલી રતનગઢ રાજ્યના ઉદેસિંહ રાજાની વારતા ઉત્પલ પટેલ પાસે સર્જનાત્મક નવલકથા બનાવવાનો જે પ્રયાસ છે તેનું નામ છે- 'સોનાના પિંજરના પંખી.' રતનગઢના રાજાની રાણીનું નામ પદ્માવતી હતું, તે ધાર્મિક પ્રકૃતિ ધરાવતાં હતાં, તેમને બે દીકરા હતા તેમણે રાજા પાસેથી વચન માંગેલું છતાં રાજા ફરી લગ્ન કરે છે, દીકરાઓ અપરમા પાસે મોટા થાય છે-પરંપરામાં બને છે એમ બંને સંતાનોને ત્રાસ અપાય છે. પદ્માવતીના મૃત્યુ પછી રાજા પણ નવીની વાતમાં આવી જાય છે. નવી રાણી દીકરાઓની હત્યા કરવાનો કારસો રચે છે પણ હત્યા કરનારા જૂની રાણીના ઋણી હોઈ બંને કુંવરોને મારવા જાય છે ત્યાં જૂની રાણી પદ્માવતી સાંભરે છે. કુંવરોને જંગલમાં છોડી મુકાય છે. બંને કુંવરો નસીબને સહારે જંગલમાં અટવાય છે, એમાં એક વડ નીચે આવતા નાનો કુંવર શૌર્ય સર્પદંશથી મૃત્યુ પામે છે, તેના શબને મૂકી દુઃખી થતો મોટો કુંવર ધૈર્ય સોનગઢ તરફ જાય છે ત્યાં રચાયેલા સ્વયંવરમાં તેની પસંદગી થતાં તે રાજા બની જાય છે.

શૌર્યનું શબ વડને સહારે છે. ત્યાં લાલવાદી-ફૂલવાદી આવે છે. કામણ-ટૂમણથી શૌર્યને સજીવન કરે છે. મોટાભાઈને શોધતો શોધતો શૌર્ય આગળ જાય છે ત્યાં રસ્તામાં તેને દાનવો મળે છે- તેઓ દેવલોકની વસ્તુઓ ચોરી લાવ્યા છે. વહેંચણી કરી આપવા શૌર્યને કહે છે. શૌર્ય બુદ્ધિપૂર્વક વહેંચણી કરી આપે છે તેમાંથી થોડી વસ્તુઓ લઈ તે ગંગામાને મળે છે. ગંગામાની સાથે જાતરા કરવા જાય છે-પેલી વસ્તુઓમાંથી મોતી ચંપા વાણિયાને આપી, બાકી સાચવવા માટે મૂકીને બંને જાતરા કરે છે. ચંપા વાણિયાને ત્યાં જાતરા કરીને પરત આવી પેલી વસ્તુઓની માંગણી કરે છે ત્યારે વાણિયો ભોંયરામાં ઊંડે ઊંડે લઈ જાય છે પછી તો શૌર્ય ફસાય છે. ચંપા વાણિયણ બાકોરામાંથી થોડી સહાય કરે છે. શૌર્યની બાળપણની સખી જોડે ચંપા વાણિયાના દીકરાનાં લગ્ન થાય છે આવનારી બાઈ, તે એનો પતિ નથી એમ જણાવીને એનું ખૂન કરે છે, પછી શૌર્ય ઉપર સદ્ભાવ થતાં તેને બહાર કાઢવામાં આવે છે. ચંપા વાણિયણ અને વાણિયો દીકરાના ખૂનની ફરિયાદ લઈને બાજુના રાજ્યના ધૈર્ય રાજા પાસે જાય છે. ધૈર્ય રાજા ન્યાય કરતાં જાણે છે કે

 ISSN 0976 – 9609

ખૂન કરનાર વહુએ કબૂલ્યું છે-

'ચંપા અને સોમચંદ શેઠ એ મારા સાચુકલા સાસુ-સસરા નથી જેની જોડે હું નથી પરણી સોમચંદ શેઠનો દીકરો મારા ઉપર બળજબરી કરતો હતો તેથી મેં તેનું ખૂન કર્યું છે-હું તો પરણી હતી.'

એ કબૂલાતમાં જાણવા મળે છે કે શૌર્યને તે બાઈ ભદ્રા ચાહતી હતી. શૌર્યને બોલાવાય છે. બંને ભાઈઓનું મિલન થાય છે. વાવમાં પાણી લાવવા માટે શૌર્ય અને તેની પત્ની વાવમાં ઊતરે છે-ભદ્ર શૌર્યની બાળપણની મિત્ર છે. વાવમાં પાણી આવે છે વાવ અમર બને છે બંને ભાઈ સુખી થાય છે. અંત મંગલમય છે. બાળપણનો સખ્યભાવ અમૂલ્ય પુરવાર થાય છે. બંને ભાઈઓ સુખ પ્રાપ્ત કરે છે.

કથા પરિચિત પણ તેમાં સર્જનાત્મકતા લાવવાની જે કોશિશ થઈ છે તેનું મહત્ત્વ છે. લેખક અહીં ભોંયરાનું વર્ણન, જંગલનું વર્ણન, સ્વયંવરનું વર્ણન વગેરે વર્ણનોમાં વાતાવરણ ઊભું કરી શક્યા છે. વળી, જંગલના-ભોંયરાના અનુભવો પણ તાદૃશ કરી શક્યા છે. (પૃ-૧૨૨)

બાકોરામાંથી પિત્તળના કપરકાબી પાછા ઠેલીને એ કશુંય બોલ્યા વિના ભોંયરાની ભૂમિ ઉપર બેસી પડ્યો એને થયું રીબાવી રીબાવીને તેને મારી નાંખવાનો પેંતરો છે... ક્યાં રતનગઢની વાણિયણ ને ક્યાં સોનગઢની ચૂડેલ? નખ્ખોદ જશે તારું ચંપા!,

શૌર્યને પિત્તળમાં રસ નથી, એ સોનાનો અધિકારી છે એ વાત અહીં સંકેતાત્મક રીતે સંવાદમાં રજૂ થઈ છે. એવાં ઘણાં દૃષ્ટાંતો કહી શકાય. વર્ણનશક્તિ ઉપરાંત સંવાદકલા પણ અસરકારક હોઈ એકંદરે કથા સુવાચ્ય અને સુપાચ્ય બની છે-લેખકને અભિનંદન.

ગ્રેસ બંગલો, પ્લોટ નં. ૮૩૬
મનીષ કોર્નરની પાછળ,
વલ્લભવિદ્યાનગર - ૩૮૮૧૨૦
મો. - ૯૮૭૯૫૨૩૨૭૬

॥ વિદ્યાવૃત્ત ॥

## ન્યુ વલ્લભ વિદ્યાનગરની SMAID, CVMU સંસ્થાનું ગૌરવ

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. વડોદરા મહાનગરપાલિકા સ્માર્ટસીટી સેલ-WRI સાથે આ ઉજવણી અંતર્ગત, શહેરના વડસર વિસ્તારમાં આવેલ આંગણવાડી તેમજ આસપાસની ફાજલ જમીન પર સુશોભનીય કામગીરી કરવાનું વિચારણા હેઠળ હતું. જે-તે સમયે આ જમીનનો ઉપયોગ કચરા નાખવામાં થતો હતો આપણી ન્યુ વલ્લભ વિદ્યાનગરની SMAID, CVMU સંસ્થામાં અભ્યાસરત આર્કીટેક્ચર, ઇન્ટીરીયર ડિઝાઈન તથા પ્લાનિંગના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો દ્વારા વિચારણા હેઠળના મુદ્દાને સમાજ માટે કઈક નવું કરવાની મુહિમ બનાવી. સતત પાંચ-દિવસમાં ૭૫ કલાકની કામગીરી કરીને વડસરના રેલવે ઓવરબ્રીજની નીચે આવેલ આંગણવાડી સ્થળ તેમજ તેની આસપાસના વિસ્તારને રી-પ્લાન તથા રી-ડીઝાઇન કરી, ભંગારના સમાનનો ઉપયોગ તેમજ રંગરોગાન કરી તેમજ નાના ભૂલકાઓને ભણતરમાં ઉપયોગી થાય તથા તેમના ઉત્સાહમાં વૃદ્ધિ થાય તેવા સુશોભનથી સજ્જકર્યો. આ કાર્યમાં SMAID, CVMUના લગભગ તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ અવિરત શ્રમદાન કર્યું. કાર્ય પૂર્ણ થયેથી સ્થળની મુલાકાતે આવેલ CVMUના પ્રમુખ શ્રી ભીખુભાઈ પટેલ તેમજ વડોદરા મહાનગર સેવાસદનની ખડી-સમિતિના ચેરમેન શ્રી ડો. હિતેન્દ્ર પટેલ તથા વિસ્તારના કાઉન્સેલરશ્રીઓ દ્વારા SMAID, CVMUની કામગીરીને બિરદાવી હતી તથા સંસ્થાના આચાર્યાશ્રી જ્યોતિબેન ગીલને અને વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. ક્યારેક થતાં એવા આ શ્રમયજ્ઞની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવામાં આવી છે.

# 'શ્રીમદ્ ભગવદ્ગીતા' અને યુવાનો

રમેશ એમ. ત્રિવેદી

ભારત વિવિધ ધર્મોનું પિયર છે અને સંસ્કૃતિઓનું પારણું છે. વિશ્વને ભેટ ધરવા એની પાસે વેદ વાણી છે; રામાયણ સરખું નીતિકાવ્ય છે તથા મહાભારત સરખો વ્યાપક સમાજશાસ્ત્રીની ચર્ચા કરતો પુરાણમિશ્રિત ઈતિહાસગ્રંથ છે. એ સંસ્કૃતિગ્રંથોમાં નિરૂપાયેલા પાત્રો લોકજીવનમાં સમરસ થઈ ગયાં છે. મહાભારત સરખા વિરાટકાવ્યના દોહનરૂપ, સારભૂત રહસ્યગ્રંથ, શ્રીમદ્ ભગવદ્ગીતા છે. એ ઉપનિષદોનું પણ ઉપનિષદ છે, કારણ કે સઘળાં ઉપનિષદોનું દોહન કરીને ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે અર્જુનને નિમિત્તે ગીતારૂપી દૂધ-અમૃતથી વાસ્તવમાં તો, સમગ્ર માનવજાતિને પોષણ આપ્યું છે. માનવ જીવનના વિકાસ અને શ્રેય અર્થે ભાગ્યે જ એવો કોઈ વિચાર હશે, જે આ ગ્રંથમાં સમાવેશ પામ્યો ન હોય! એ અર્થમાં એ માનવસંસ્કારોની ખાણ છે.

એક લાખ જેટલા શ્લોકોની રચના દ્વારા મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે 'મહાભારત'માં આ વિરાટ સંસારનું છાયા-પ્રકાશમય ચિત્ર નિર્લેપતાથી આકાર્યું છે. એમાં શ્રીકૃષ્ણચંદ્રનું લોકોત્તર પાત્ર પ્રવેશે છે અને ૧૮ પર્વોના 'મધ્યે મહાભારતમ્'માં નિશ્ચિય બની ચૂકેલા કૌરવ-પાંડવો વચ્ચેના ભીષણ અને વિનાશક યુદ્ધ પ્રસંગે, રણમેદાન પર 'મારો અને મરો'ના વાતાવરણ વચ્ચે અર્જુનની ઇચ્છા મુજબ રણભૂમિમાં રથ ખડો કરી દઈ, યુદ્ધની વાસ્તવિક સ્થિતિ અને માનવીના સ્વધર્મ વિશે કેટલાંક દિવ્યવચનો કહ્યાં છે, જેની આજે પણ એટલી ઉપયુક્તતા જોવા મળે છે. શ્રીકૃષ્ણના હૃદયમાંથી નીકળેલા એ ઉદ્ગારો ફક્ત સાંભળનારના કાનમાં જ નહિ, સીધા એના અંતઃકરણમાં પ્રવેશીને કર્તવ્યધર્મ બજાવવા પ્રેરે છે.

આપણને સૌને વિદિત છે કે મહાવીર અર્જુન યુદ્ધ કરવાની પૂરી તૈયારી સાથે કુરુક્ષેત્રના રણમેદાનમાં ઊતર્યો હતો. એના રથના સારથિ સ્વયં શ્રીકૃષ્ણ હતા. મેદાન ઉપર અર્જુને પોતાનાં સ્વજનો, સગાંસંબંધીઓ, વડીલો તથા ગુરુવર્યોને લડાઈ માટે સજ્જથઈ ઊભેલા જોયા. આપણે એ પણ જાણીએ છીએ કે આ ક્ષત્રિય નરપુંગવના રોમેરોમમાં વીરવૃત્તિ ભરેલી હતી. તેણે જ વિરાટ દેશના રાજાની ગાયો છોડાવવા માટે ભીષ્મ, કર્ણ, અને દ્રોણ સામે સફળતાપૂર્વક યુદ્ધ ખેલી બતાવ્યું હતું. એ જ અર્જુનને અત્યારે વિલક્ષણ-વિચિત્ર કહી શકાય તેવો અનુભવ થાય છે. તેનાં ગાત્રો કંપી રહ્યાં છે, શોષ પડવાને કારણે મોં સુકાવા લાગ્યું છે, શરીરે પરસેવો વળી ગયો છે, રુવાં ખડાં થઈ ગયાં છે અને હાથમાંથી ગાંડીવ ધનુષ્ય જાણે કે સરકી જતું અનુભવાય છે. કોઈક આશક્તિ, કોઈ મમત્વ તેના મનને અવઢવમાં મૂકી દે છે. તે સમયે ક્ષુબ્ધ બની ગયેલા-હતપ્રત થઈ ગયેલા અને વિષાદભાવ અનુભવતા પાંડુપુત્ર અર્જુનને સારથિ બનેલા શ્રીકૃષ્ણ અર્જુનના મનની લગામ પણ પોતાના હાથમાં લઈ લે છે, એ અર્થમાં તેઓ ખરા 'પાર્થસારથિ' છે.

અર્જુનને આપણે શ્રીકૃષ્ણના પ્રિય સખા તરીકે ઓળખીએ છીએ. અત્યારે ઊભી થયેલી અર્જુનના મનની કટોકટી અને દ્વિધાને કારણે એક ક્ષત્રિય નરપુંગવ તરીકે અર્જુનનો સ્વધર્મ શો છે, તેણે શું વિચારવું જોઈએ, શું કરવું જોઈએ એ સઘળી બાબતોને તટસ્થભાવે શ્રીકૃષ્ણ સ્પષ્ટ કરી આપે છે અને અસમંજસતાનાં વાદળો હટાવવાનો નક્કર પ્રયાસ આરંભે છે. શ્રીકૃષ્ણ અત્યારે અર્જુનના કેવળ 'સખા' નથી, અર્જુનની જ ઇચ્છાથી શ્રીકૃષ્ણ તેનું શિષ્યત્વ સ્વીકારીને ગુરુ તરીકે-જગદ્ગુરુ તરીકેનું ઉત્તરદાયિત્વ નિભાવે છે. અતિસંક્ષેપમાં ઘણું ઘણું બધું કહી દે છેઃ બધું છોડીને તું મારા શરણે આવ. તારાં સર્વ પાપો-વિહિત કર્મોમાંથી તને મુક્તિ અપાવીશ. સંશય રાખીશ નહિ. મોહ અને આસક્તિ જ માનવીને પથભ્રષ્ટ કરી મૂકે છે. માટે તેનો ત્યાગ કરવા સર્વ પ્રથમ તો કહે છે. સ્વધર્મ (અહીં ક્ષત્રિય તરીકેનું કર્તવ્ય એ જ સ્વધર્મ છે)ને સાચા અર્થમાં સમજ્યા વગર તેને ટાળવામાં કે ત્યજી દેવામાં આવે તો તે આત્મઘાતક બની રહે, આ વાત શરૂઆતમાં જ સમજાવે છે.

સ્વધર્મમાં રહીને જ માનવીનો વિકાસ શક્ય છે અને ક્ષત્રિય તરીકે અર્જુનનો સ્વધર્મ શો છે તે સમજાવે છે. જોઈ શકાશે કે ધર્મ શબ્દ એના સ્થૂળ અર્થમાં અહીં પ્રયોજાયો નથી. માણસને પોતાનું કર્તવ્ય શું છે તે જો એકવાર સમજાઈ જાય પછી એમાં મૃત્યુ આવે તો પણ તે કલ્યાણકારી છે અને તેથી એવા માણસની દુર્ગતિ થતી નથી એ મુદ્દો સ્પષ્ટ કરે છે. અર્જુન યૌવનથી તરવરતો વીર યોદ્ધો હતો. તેણે

 ISSN 0976 – 9609

અન્યાય સામે (નહિ કે સામે ઊભેલી વ્યક્તિ સામે) લડત આપવાની હતી. અર્જુનના મનમાં જન્મેલા મોહ, આસક્તિ, મમત્વ બીજું કશું નહિ પરંતુ એની કર્તવ્યનિષ્ઠાને ગળી જનાર તત્ત્વજ્ઞાન હતું. શ્રીકૃષ્ણના ઉપદેશમાંથી અર્જુન એવું તારવી બેઠો કે ક્ષાત્રધર્મને બદલે સંન્યાસ સારો! એની આ લાગણી-તર્ક એ રીતે છદ્મ સ્વરૂપમાં નિષ્ક્રિયતા જ હતી; દૈત્ય હતું; પલાયન હતું આ પ્રકારના કુતર્કથી અવળી સમજણને શ્રીકૃષ્ણ અર્જુનના મગજમાંથી નેસ્તનાબૂદ કરવા માગતા હતા. તે માટે વિવિધ દલીલો અને વિચારો રજૂ કરી શ્રીકૃષ્ણે પુરુષાર્થ ઉપર ભાર મૂકી આપ્યો અને જીવનની સાચી કળા સમજાવી. અર્જુનના અંતરમાં પડેલી સરળતા, નિખાલસતા તેમજ ગ્રહણ કરવાની તત્પરતાની તક ઝડપી લઈ 'તું તારું ચિત્ત કર્મમાં પરોવ, પરિણામની પરવા ન કર', એમ સ્પષ્ટ દિશાનિર્દેશ કર્યો.

મહર્ષિ વેદવ્યાસે હાથ ઊંચા કરીને વારંવાર એ શબ્દો ઉચ્ચાર્યા છે કે માણસથી ચડિયાતું અન્ય કશું જ નથી અર્જુન જે દ્વંદ્વથી પીડાતો હતો તે સઘળાં દ્વંદ્વો તેના ચિત્તમાં દ્વિધાભાવ પ્રગટ કરતાં હતાં. શ્રીકૃષ્ણ સ્વયં તો આવા કોઈ પણ પ્રકારના દ્વંદ્વથી તો મુક્ત હતા જ અને દ્વંદ્વના પરિણામસ્વરૂપ દ્વિધાભાવથી પણ મુક્ત હતા. માટે જ તેઓ વારંવાર કર્તવ્યધર્મની વાત પર ભાર મૂકીને, એક ક્ષત્રિયવીર માટે શું શ્રેય છે તે સ્પષ્ટ કરતા રહે છે. 'કર્મમાં જ તારો અધિકાર છે, ફળમાં નહિ' આ બાબત સ્પષ્ટ કરતાં કહે છે કે પરિણામ-ફળની અપેક્ષા કે વિચાર મનુષ્યે એટલા માટે નથી કરવાનો કારણ કે એ દિશામાં ઢસડાઈ જવાથી માણસ કર્તવ્યચ્યૂત થઈ જાય છે. તેઓ કહે પણ છે કે, આ પ્રકારનો વિવેક (કર્મ અને કર્મફળનો વિવેક) માણસમાં જાગૃત થવો જોઈએ. સદ્‌ગ્રંથો, સત્પુરુષો, સદ્‌ગુરુના સત્સંગથી એ શક્ય બને છે. આ વિવેકથી ઉપર સત્યતત્ત્વ - પરમાત્મતત્ત્વ રહેલું છે અને એને પ્રાપ્ત કરવું એમાં જ મનુષ્યના જીવનની કૃતાર્થતા છે, એ વાત પર વારંવાર ભાર મૂકે છે.

આપણો અંતરાત્મા એ આપણા માર્ગદર્શક શ્રીકૃષ્ણ છે. અંતરાત્માનો અવાજ બરાબર સંભળાય તો માણસ સત્પથ પર આગળ વધી શકે. સ્વજનો, સંબંધીઓ, વડીલો, પ્રત્યે પ્રેમ અને આદર તો રાખવાનાં જ છે, સાથે સાથે કર્તવ્યપથ પણ છોડવાનો નથી એ કર્તવ્ય અનાસક્તભાવ કેળવીને બજાવવાનું છે. નિષ્કામ કર્મ, કર્મબળના ત્યાગની વૃત્તિ, કર્મ કરવામાં તન્મયતા, સારા-નરસા કર્મનો ભેદ કરવાની ક્ષમતા, એકાગ્રતા, દક્ષતા વ્યક્તિએ દાખવવાની છે. કર્મ કરવાનું વલણ હૃદયગુહામાંથી આવવું જોઈએ. એમાં હૃદયની ભીનાશ પણ ભળેલી હોવી જોઈએ. કર્મનું ફળ તો વહેલુ યા મોડું મળે જ છે પરંતુ ફળની આસક્તિ ત્યજી દેવી એ અગત્યની સમજ છે.

તૈત્તિરીય ઉપનિષદના ઋષિ યુવાનની વ્યાખ્યા આ રીતે આપે છે.

**યુવા સ્યાત્ સાધુ યુવાધ્યાયકઃ આશિષ્કો દ્રિષ્કો, બલિષ્ઠઃ!**
**તસ્યેયં પૃથિવી સર્વા વિત્તસ્ય પૂર્ણા સ્યાત ।।**

અર્થાત યુવાન સાધુચરિત, અભ્યાસી, આશાવાન, દૃઢનિશ્ચયી તથા બળસંપન્ન હોય. તેને માટે સમગ્ર વસુંધરા દિવ્યમય બની જાય છે...એકવીસમી સદીનું ભારત જનસંખ્યામાં અડધોઅડધ યુવાવસ્થા ધરાવે છે. આ યુવાવસ્થા કેવળ શારીરિક ખ્યાલ નથી, એ તો વિશેષ માનસિક સ્થિતિ છે. શ્રીકૃષ્ણ, જગદગુરુ શંકરાચાર્ય, સ્વામી વિવેકાનંદ એ સઘળાં 'સદાબહાર પ્રેરણાશીલ યુવા-વ્યક્તિત્વો' છે. એમના હૃદયકમળમાં સદા આશાની વસંત ખીલેલી રહે છે. એમને નિરાશા, હતાશા કે ભાગેડુ વૃત્તિની પાનખર કદી સ્પર્શતી નથી. અર્જુન તન-મનથી તો યુવાન છે જ, ફક્ત નિરાશાની પળોમાં એના સારથિ બનેલા જગદગુરુ શ્રીકૃષ્ણ જ એને વિષાદયોગમાંથી બહાર લાવે છે. શ્રીમદ્ ભગદવદગીતા તો 'ન જીર્ણ ન મમાર' છે ન્યાયે કદી જીર્ણ (out of date) કે નાશ ન પામનાર (અવિનાશી-) ગ્રંથ છે. પૂ. વિનોબાજીએ યોગ્ય રીતે જ એને 'નિત્ય પઠનીય' કહી છે. ધર્મક્ષેત્ર કુરુક્ષેત્રના બાહ્ય વ્યાપક માનવસંહાર વચ્ચે ગીતા, અઢાર અધ્યાયને 'યોગ'-જોડનાર, માનસિક શાંતિ બક્ષી પ્રેરણા આપનાર ગ્રંથ સદાયે સ્મૃતિમાં જીવંત રહેશે. વ્યક્તિ પોતાના આંતરમનમાં પડેલી ગૂંચને ઉકેલવા, સમસ્યાને હલ કરવા સક્ષમ છે એવો વિશ્વાસ આ 'સંસ્કૃતિગ્રંથ'માં પામી શકશે એમ માનવીની પેઢી દર પેઢીએ અનુભવ્યું છે.

વર્તમાન સમયમાં જગતના લગભગ બધા દેશોની મીટ ભારત તરફ મંડાયેલી છે કેમકે યુગોથી તેણે કોઈપણ જાતના

ભેદભાવ સિવાય મનુષ્યને શિક્ષણ આપ્યું છે. વિશ્વનું ભારત પ્રત્યેનું કુતૂહલ અને આશાભરી ઝંખના કંઈ એમ જ જન્મી નથી. અહીં જ બુદ્ધ અને મહાવીર સ્વામી થયા, જેમણે કરુણા અને અહિંસાના પાઠ જગતને શીખવ્યા. તેમની વાણી અહિંસા અને પ્રેમની સભર છે, એણે યુદ્ધગ્રસ્ત જગતને કરુણામય વાણીથી શીતળ ચંદનલેપની ગરજ સારી છે. માનવજાતિને આ શામકવાણીનો, શાંતિનો સંજીવનીમંત્ર ભારત તરફથી જ સાંપડ્યો છે. સર્વનાશને સ્થાને સહજીવન, પંચશીલનો સંજીવનીમંત્ર લગભગ સર્વસ્વીકૃત બની રહ્યો છે.

આધુનિક ભારતની યુવાપેઢીનાં મૂળિયાં વિભાજનકારી તત્ત્વોને હાથે ખેંચાઈને ઊખડી જશે કે શું? એવી દહેશત વચ્ચે આદિ શંકરાચાર્ય, રામાનુજાચાર્ય ભગવાન સ્વામીનારાયણ, સંત જ્ઞાનદેવ, ટિળક મહારાજ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન, મહાત્મા ગાંધી, આચાર્ય વિનોબા જેવી વિભૂતિઓએ સૈકાઓથી જે, પરમશાંતિ તથા સાચી દિશાના પુરુષાર્થ તરફ આંગળી ચીંધી છે તે ઘણી મૂલ્યવાન છે. તન-મનથી સદા યુવાન બની રહેવા માટે 'શ્રીમદ્ ભગવદ્ગીતા' એ ફક્ત હિંદુઓનો જ ધર્મગ્રંથ નથી, એ તો સમયના દરેક ચક્રમાં માનવજાતિનો સર્વદેશીય, સર્વકાલીન અખૂટ પ્રેરણાસ્ત્રોત ધરાવતો સંસ્કૃતિ ગ્રંથ છે.... માટે હે યુવાનો ! 'ઉત્તિષ્ઠ, જાગ્રત...'

ફોનઃ- (૦૨૬૯૨)૨૩૨૪૧૯

॥ વિદ્યાવૃત્ત ॥

## ચારુતર વિદ્યામંડળ સંચાલિત વ્યવસાયલક્ષી ગૃહવિજ્ઞાન જૂથ વલ્લભવિદ્યાનગર દ્વારા હેક્ઝાગોન પ્રા.લી. તથા કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ન્યુટ્રિશન સપ્તાહની ઉજવણી કરવામાં આવી

જેના અંતર્ગત આંતરશાળા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું, જેમાં પોસ્ટર, સ્લોગન, નિબંધ સ્પર્ધા, વેશભૂષા, સલાડ ડેકોરેશન તથા વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, કુલ ૧૪ શાળાઓએ ભાગ લીધો હતો. અને તા. ૨૧-૯-૨૦૨૧ ના રોજ ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના અધ્યક્ષ ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રી ડૉ. એસ.જી.પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓને સ્વસ્થ અને તંદુરસ્ત શરીર માટે ખોરાક અને વ્યાયામનું મહત્ત્વ સમજાવી આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય વક્તા ડાયટીશયન શ્વેતા નાગરે (વિટાઝીયા ડાયેટ ક્લિનિક, અમદાવાદ)ના સ્થાપક વકતવ્યમાં વિદ્યાર્થિનીઓને 'થીંક રાઈટ ઈટ રાઈટ' પર વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમનાં અતિથિ વિશેષ ડૉ. ભાવના ચૌહાણ એસ.એમ.પટેલ કોલેજનાં આચાર્યાશ્રીએ આહાર અને આચરણ પર વાત કરી હતી. કમ્યુનિટી સાયન્સ સેન્ટરના માનદ્ નિયામક ડૉ. વિભા વૈષ્ણવે કમ્યુનિટી સેન્ટરની પ્રવૃત્તિથી અવગત કરાવ્યા હતા. સ્પર્ધાના વિજેતાઓને શિલ્ડ અને સર્ટિફિકેટથી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા. શાળાના આચાર્યા શ્રીમતી સુચિતાબેન ખરાદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.


ISSN 0976 – 9609

## પુરાણકાળથી યોજાતી ગિરનાર પરિક્રમાનું મહત્ત્વ

ચંદ્રકાંત પટેલ 'સરલ'

(ગિરનારની પ્રથમ પરિક્રમા કૃષ્ણભગિની સુભદ્રાએ કરી હતી.)

ઋષિપર્વત, હિમાલયના પ્રપિતા ગણાતા ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો વિધિવત પ્રારંભ કારતક સુદ ૧૧ને શુક્રવારની આઠમી નવેમ્બરથી થઈ રહ્યો છે ત્યારે આ પરિક્રમા અને ગિરનારના મહત્ત્વ વિશે જાણવું પણ જરૂરી છે.

જેનાં દર્શનમાત્રથી લોકો ધન્યતા અનુભવે છે એવા ગિરનાર પર્વતને ઋષિ પર્વત અને હિમાલય પર્વતનો પિતા કહ્યો છે. સ્કંદપુરાણ, હરિવંશ તેમજ વિષ્ણુપુરાણ વગેરેમાં ગિરનારને 'રૈવતાચલ' 'રૈવતક' પર્વત તરીકે ઓળખાવાયો છે.

આ પર્વત સૌથી ઊંચો પર્વત છે. ખીણથી શિખર સુધી તેના અગિયાર હજાર પગથિયાં ગણાવાયાં છે. વામનપુરાણ મુજબ દેવપોઢણી અગિયારસે ભગવાન વિષ્ણુ બલિરાજાના રક્ષણ માટે પાતાળમાં જાય છે અને કારતક સુદ અગિયારસે પાતાળમાંથી પવિત્ર ગિરનાર પર્વત પર આગમન કરે છે ત્યારે લક્ષ્મીજી સાથે તેત્રીસ કરોડ દેવતાઓ તેમનું સ્વાગત કરવા ગિરનાર પર પધારે છે. સર્વ દેવતાઓ અગિયારસથી પૂનમ સુધી ગિરનારમાં નિવાસ કરે છે. તે માટે જ આ પરિક્રમા યોજાય છે. તદુપરાંત ગિરનારમાં હિન્દુ અને જૈન ધર્મના પવિત્ર તીર્થસ્થાનો પણ આવેલા હોઈ, એ બધાની પરિક્રમાનું પુણ્ય પણ મળે છે. ૩૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલ ગિરનારની ફરતે દાતાર, ૬૪ જોગણીઓ, અશ્વત્થામાનાં બેસણાં છે તથા મુખ્ય પાંચ શિખરોમાં દત્તાત્રેય, અંબાજી, ગોરખનાથ, ઓઘડ અને કાલિકા વગેરે છે. સૌથી ઊંચુ શિખર ગોરખનાથનું છે જે ૩૬૬૬ ફૂટ, ગુરુદત્તાત્રેયનું શિખર ૩૨૯૫ ફૂટ, અંબાજીનું શિખર ૩૩૩૦ ફૂટની ઊંચાઈએ છે. નવનાથ, ૬૪ જોગણીઓ અને ચોરાશી સિદ્ધાંનો બેસણાં છે. આ સિવાય નાના-મોટા હજારો દેવતાઓની ગિરનાર પર ડેરીઓ અને સ્મૃતિસ્થાનકો આવેલાં છે.

ઈતિહાસવિદ્ સ્વ. બાબુભાઈ પેથાણીના એક સંશોધનમાં ગિરનાર પર્વતનો ઉજ્જયંત, ગિરિનારાયણ, રૈવત, કુમુંદ, રૈવતાચળ તેમજ ગિરિ વગેરે નામનો ઉલ્લેખ થયો છે અને કૌરવ-પાંડવોના યુદ્ધ સમાપ્ત થયા પછી પાંડવો મૃતકોની આત્મશાંતિ માટે રૈવતાચલની યાત્રાએ આવેલા અને ગિરનારના દેવી-દેવતાઓની આરાધના કરી દામોદર કુંડમાં સ્નાન કરી રૈવતાચલની પરિક્રમા કરેલ એવો ઉલ્લેખ થયો છે.

ગિરનારની પરિક્રમા અંગે આપણા વિદ્વાનો, સંશોધકો અને લેખકોએ પરિક્રમાના મૂળ સુધી જવા પ્રયાસો કર્યા નથી. બધાએ આધુનિક સમય બતાવ્યો છે. આજના આ લેખકોના પ્રચલિત આધારો, અનુમાનો અને લોકવાયકાઓ તરફ નજર નાંખીએ તોઃ પરિક્રમાનો ચાલ શરૂ કરાવનાર તરીકે જૂનાગઢનો દીવાન અનંતજી અમરજી વસાવડાને આગળ કર્યો છે. અને સંવત ૧૯૨૦ના જેઠ મહિનામાં વરસાદની આરાધનારૂપે અનંતજીએ ૨૦૦૦ લોકોનો સંઘ કાઢી ગિરનારની પરિક્રમાનું આયોજન કરેલ અને આ પ્રથા હજુ ચાલે છે તેમ લખાયું છે.

એક બીજા લેખકે સંવત-૧૯૩૭ માં ગિરનાર પરિક્રમા કારતક સુદ અગિયારસના દિવસે મેંદરડા ગામના કેશવજી કરશનજી પુરોહિતે ચીરોડા, ગુંદાળા, જામકા, બગડુ, નાગલપુર અને આણંદપુરના બ્રાહ્મણો તથા નાગરિકોને સાથે રાખીને પરિક્રમાનું આયોજન કરેલ એમ લખ્યું છે. તો ક્યાંક બગડુ ગામના અજા ભગત ડોબરિયાએ પરિક્રમા ચાલુ કરાવ્યાના ઉલ્લેખો મળે છે.

પરિક્રમા શરૂ કરાવનાર પ્રથમ વ્યક્તિની બાબતમાં ક્યાંય એકમત સધાતો નથી. દરેક લેખકોએ અલગ અલગ મત વ્યક્ત કર્યા છે. 'જૂનાગઢ' નામના એક પુસ્તકમાં તેના લેખક કરણસિંહ ઠાકોર લખે છે કે ગિરનાર પરિક્રમા ઈ.સ. ૧૯૦૪ના ફાગણ માસમાં વંથલીના ભક્તવર્ય કાનજી જાદવજી વકીલે શરૂ કરાવી છે.

આમાં વિશ્વસનીય માહિતી અજા ભગત ડોબરિયા નામના ભગતની ગણાય છે. ગિરનારની પરિક્રમા શરૂ કરાવનાર બગડુ ગામના અજા ભગત ડોબરિયા જ છે. નથી અનંતજી વસાવડા, નથી કેશવજી કાનજી પુરોહિત કે નથી વંથલીનો ભગત કાનજી જાદવજી વકીલ કે નથી ભવાન ભટ્ટ.

આજથી પાંચ હજાર વર્ષ પૂર્વેથી આ પરિક્રમા પ્રતિ

વરસે યોજાય છે. પુરાતનકાળમાં આવા ઉત્સવોને 'મહ' કહેવાતા હતા.

પોતાના વનવાસ દરમિયાન યાત્રા કરતો કરતો અર્જુન જ્યારે દ્વારકા આવ્યો અને ભગવાન શ્રીકૃષ્ણનો મહેમાન બન્યો ત્યારે રેવતાચલ (ગિરનાર) પર્વત પર 'મહ' શરૂ થયો હતો. કારતક સુદ-૧૧ થી કારતક સુદ૧૫ સુધી યોજાનારા આ 'ગિરિમહ'માં ભાગ લેવા શ્રીકૃષ્ણ અને અર્જુન પણ ત્યાં પહોંચ્યા હતા. સારણની સગી બહેન અને સગપણમાં કૃષ્ણની બહેન સુભદ્રા પણ સખીઓ સાથે ત્યાં આવી પહોંચી

**સુભદ્રા ત્વથ શૈલન્દ્રામભ્યર્ચ્ય સહ રૈવતમ્ ।**
**દેવતાનિ ચ સર્વાણિ બ્રાહ્મણાન્સ્વસ્તિ વાચ્ય ચ ।।**
**પ્રદક્ષિણં ગિરિં કૃત્વા પ્રયયૌ દ્વારકા પ્રતિ ।**

સુભદ્રાએ ગિરિપર્વતનું સારી રીતે પૂજન કર્યું બ્રાહ્મણો પાસે સ્વસ્તિ વાચન કરાવ્યું અને પછી રૈવતકની પ્રદક્ષિણા કરી હતી. આ પરિક્રમા ભગવાન શ્રીકૃષ્ણના ગોલોકધામ પછી ધીમે ધીમે બંધ પડવા લાગી હતી. ઈ.સ. પૂર્વે ૨૬૩૮ માં ક્યારેક કોઈ યાત્રાળુ આવતા ત્યારે પરિક્રમા કરતા હતા. ઈ.સ. પૂર્વે ૧૦૧૧ સુધીમાં તો તે સદંતર બંધ થઈ ગઈ હતી. પછી તે હજારો વર્ષ બંધ જ રહી હતી.

'સુરાષ્ટ્રના નેસ-નેખમ અને ટીંબા' તથા 'ગિરનાર માહાત્મ્ય' નામના બંને પુસ્તકોમાં અજા ભગતનો ઉલ્લેખ છે. તેમાં લખ્યું છે કે ઈ.સ.૧૮૮૪માં પાંચ માણસનો સંઘ કાઢી નાગડી ગામના ભવાન ભટ્ટ નામના બ્રાહ્મણે ગિરનારની પરિક્રમા પ્રથમ વખત કરી હતી.

ગિરનાર પરિક્રમાની આધારભૂત માહિતી આજથી સો વર્ષ પહેલાં પ્રકાશિત થયેલું પુસ્તક 'પ્રભુની ફૂલવાડી' આપે છે. પુસ્તકમાં પરિક્રમાની ચાલ બગડુ ગામના અજા ભગતે કરી હોવાનો ઉલ્લેખ છે.

ઈ.સ. ૧૮૨૨ના ભાદરવી અમાસ એટલે શ્રાવણ મહિનાનો છેલ્લો દિવસ. આ દિવસે અજા ભગત દામોદરકુંડમાં સ્નાન કરવા ગયા હતા ત્યારે ત્યાંના 'ફરાળી બાવા' આશ્રમમાં ગિરનારની મહિમા વર્ણવતું પુસ્તક વંચાતું હતું. આ પુસ્તકમાં પ્રાચીનકાળની ગિરનાર પર્વતની મહિમા લખાઈ હતી. આ મહિમા સાંભળી અજા ભગત ભારે પ્રભાવિત થયા અને ફરાળી બાવા પાસે અજા ભગતે પુસ્તકની માગણી કરી ત્યારે બાવાએ તેને મૂળ પુસ્તકના ઊતારારૂપ હસ્તલિખિત પુસ્તક આપ્યું.

આ પુસ્તકમાંથી અજા ભગતે શોધી કાઢ્યું કે, કારતક સુદ અગિયારથી પૂનમ સુધી ભિષ્મપંચક કહેવાય છે. આ દિવસે પાતાળમાં પોઢેલા તમામ દેવતાઓ જાગે છે અને ગિરનાર પર વાસ કરે છે. જો આ પાંચ દિવસ ગિરનારની પરિક્રમા કરી હોય તો કોટિકોટિ પુણ્ય મળે.

આ વિચારની અમલવારી આ વર્ષથી જ કરવી એમ નક્કી કરી ઈ.સ. ૧૮૮૨ના કારતક સુદ-૧૧ના દિવસે અજા ભગતે પરિક્રમા યાત્રાનો સંઘ કાઢ્યો. સંઘમાં નાગડી ગામનો ભવાન ભટ્ટ, સાંખડાવદર ગામનો પટેલ ભીમજી, સેમરાળા ગામનો હીરો પટેલ, જામકા ગામનો જીવો ભાભો બોઘરા, થાણા પીપળીનો કડવો ભાભો, મેંદરડાનો કાનજી પટેલ વગેરે મળીને કુલ દસ માણસનો સંઘ કાઢ્યો હતો. સૌ પ્રથમ દામોકુંડમાં સ્નાન કર્યા બાદ ભવાન ભટ્ટ પરિક્રમાની શાસ્ત્રોક્તવિધિ કરી સંઘ આગળ વધાર્યો હતો.

પહેલા દિવસે ઝીણા બાવાની જગ્યામાં પડાવ કર્યો. બીજે દિવસે માળદેવી (માળવેલ) પડાવ નાખ્યો. ત્રીજા દિવસે બોળદેવી પડાવ કરી ત્યાં રાતવાસો કર્યો. ચોથા દિવસે દામોદરકુંડે પડાવ નાખ્યો. આ રીતે અજા ભગત ડાબેરિયાએ ૧૦ માણસોના સંઘ સાથે ગિરનારની બંધ પડેલી પરિક્રમાને નવેસરથી શરૂ કરાવી છે.

દર વર્ષે યોજાતી ગિરનાર પરિક્રમામાં દેશ-વિદેશથી લાખો લોકો આવે છે. ચાર દિવસ ગિરનારની પરિક્રમા કરી પુણ્યનું ભાથું બાંધે છે. હિન્દુ ધર્મની એક અતૂટ વિચારધારા રૂપે ગિરનાર પર્વત યુગોથી ધર્મની એક મિસાલ સમાન છે. છત્રીસ કિ.મી.નો રુટ ધરાવતી આ પરિક્રમા એક સદ્ભાવનાનો પણ મેળો છે.


C/O 'સંસ્કૃતિ દર્શન' કાર્યાલય
રતનપુરા શેરી-૦૧,
નીલકંઠ બંગલાની સામે, બાગદરવાજા
માણાવદર-૩૬૨૬૩૦ (જિ. જૂનાગઢ)
મો.નં -૮૭૩૫૯૦૨૪૨૪



ISSN 0976 – 9609

## સ્નેહનું સગપણ

મનીષા રાઠોડ

''મોરબી.... મોરબી... એ ભાઈ મોરબીવાળા હાલો.. મોરબી આવી ગ્યું..'' કન્ડકટરની હાંક સાંભળી બસની પાછલી સીટ પર સૂતેલા માવજીકાકા આંખો ચોળી ઊભા થયા. એસટી બસમાં આખી રાતનો પ્રવાસ બેઠા બેઠા કરવાની હામ પંચોતેર વર્ષે પણ અકબંધ હતી. કાકાના માથે નહિવત વાળ બચ્યા હતા, જે પોતાની ગાંધી ટોપીમાં છુપાવી રાખતા. તેમનો પાતળો શેરડીના સાંઠા જેવો બાંધો અને પાતાળમાં પહોંચી ગયેલી ઊંડી આંખો આજીવન કરેલી કાળી મજૂરીનું પ્રતીક હતી.

''કાકા, દીકરો આવે છે લેવા? કે પછી..'' કન્ડકટર કાકાને પૂછી રહ્યા હતા.

''દીકરો આવે કે નો આવે ભાઈ. હજી ટાંટિયા હાલે છે. હાલતો વયો જઈશ. એમાં શું?''

''પણ આવી ટાઈઢમાં ક્યાં હેરાન થાશો. લ્યો આ મારો ફોન, વાત કરો એની હારે. બાપને લેવા કેમ નો આવે? આવું કાંઈ થોડું હાલે !''

''અરે ભઈલા! એ મારો દીકરો છે. હું ઓળખું એને. એ નહીં આવે.. તું મારી ફિકર ન કર.''

''ભલે.. એ હાલો ત્યારે..'' બસની ઘંટડી વગાડી કન્ડકટરે ડ્રાઈવરને સિગ્નલ આપી અને કાકાની વિદાય લીધી.

સવારના છ વાગ્યે કડકડતી કાતિલ ઠંડીમાં ધાબળો ઓઢી ધીમા પગલે કાકા ઘર તરફ ચાલી રહ્યા હતા. ગળા સુધીનો વિશ્વાસ હતો કે દીકરો તેડવા નહીં જ આવે.. થોડે દૂર ચાલ્યા ત્યાં મસ્ત મજાની ચા ઉકળવાની સુગંધ આવી. મોટા તપેલામાં સવાર સવારમાં રવજીભાઇ પોતાની દુકાન પર ચા ઉકાળી રહ્યા હતા. કાકાને ચા પીવાની સહજ ઇચ્છા થઈ. રવજીભાઇ તરફ વળ્યા પણ ખરા. પણ પછી ગજવામાં પૂરતા પૈસાના અભાવે પગ પાછા વળ્યા. રવજીભાઇ કાકાને સારી રીતે ઓળખતા હતા.

''કાકા.. પાછા કાં વળ્યા?? ચા પીને જાઓ. ઠંડી ઊડી જશે. ગરમાવો આવશે.'' કાકાને બોલાવતા રવજીભાઇ બોલ્યા.

''પીવાની તો ઘણીય ઇચ્છા છે પણ પાકીટમાં પૂરતા પૈસા નથી ભાઈ. અને દેવું કરીને ચા નથી પીવી.''

''અરે કાકા, પૈસા ક્યાં માગ્યા તમારી પાસે.''

''મને ખબર છે તારું દિલ ઉદાર છે રવજી. પણ એમ કાંઈ મીઠાં જળના મૂળ થોડા કપાય?''

''કાકા, તમે મને ભણાવ્યો છે. ભલે મેં ચાર ચોપડી ભણીને મૂકી દીધું પણ તમે મારા ગુરુ તો ખરા ને ! લ્યો ત્યારે ગુરુદક્ષિણા સમજીને એક ચાની પ્યાલી લઇ લ્યો.''

રવજીના અતિશય આગ્રહને વશ થઈ કાકા ચા પીવા લાકડાના બાંકડા પર બેઠા. ઠંડીમાં ઠુંઠવાઇ ગયેલા કાકાને ચા પીવાથી તાજગી મળી. રવજીનો આભાર માની ગજવામાં હતા એટલા રૂપિયા આગ્રહ કરીને આપીને જ રહ્યા. ગરીબીમાં પણ કાકા સ્વમાનથી જીવતા. ભૂતકાળની જાહોજલાલી અને વર્તમાનની આ અકિંચન અવસ્થામાં મનની સ્વસ્થતા જાળવી રાખતા. કયારેય કોઈને પણ પોતાના દુઃખ-દર્દ માટે ઠપકો ન આપતા. સુખ અને દુઃખ તો એક સિક્કાની બે બાજુ છે. સુખ આવે ત્યારે દુઃખ પણ પાછળ આવવાનું જ એમ તેઓ દૃઢપણે માનતા.

ચાલતા ચાલતા ઘરની શેરી પાસે આવ્યા. તેમને જોઈને ફળિયાના કૂતરા વ્હાલથી ચારે તરફ વળગી પડ્યા. કાકા દરરોજ સવારમાં આ કૂતરાઓને રોટલો અવશ્ય ખવરાવતા. ફળિયાના તમામ ભાભાઓ પણ કાકાને ખૂબ માન આપતા. કાકા દરેકની તકલીફમાં નિઃસ્વાર્થભાવે મદદ કરતા. ઘણા લોકો તેમના ભોળા ભાવનો ફાયદો પણ ઉઠાવતા. પણ કાકા કયારેય કોઈના માટે મનમાં દુર્ભાવ ન રાખતા. દીકરાને ભણાવવા પોતાની બધી જ મૂડી ખર્ચી નાખી. દીકરો દસ વર્ષનો હતો ત્યારે વિધુર થયેલા કાકા આજદિન સુધી એક બાપ તરીકેની તમામ ફરજો બખૂબી નિભાવી રહ્યા હતા.

પણ દીકરો કપાતર પાક્યો. વ્યસનોના રવાડે ચઢી ગયેલો. કાકાના લાખ પ્રયત્ન કરવા છતાં તેનામાં કોઈ ફેર ન પડ્યો. કાકા ખૂબ દુઃખી હતા તેના આ વ્યસન અને વિચિત્ર વ્યવહારથી. પણ દુનિયાથી પોતાનું દુઃખ છુપાવી હંમેશા હસતાં રહેતા.

''કાકા... ઓ કાકા.. સવાર સવારમાં કયાંથી આવ્યા.

તબિયત તો ઠીક છે ને?' કાકા ઘરના પગથિયાં ચઢીને ઉપર જતા જ હતા ત્યાં પાડોશીનો દીકરો ચીમન બોલ્યો.

''હા ભાઈ, મજા છે હો. તું કેમ છો? તારી દીકરીને સારું થ્યું?''

હા કાકા, હવે સારું છે એને. તમે સમયસર મદદે નો આવ્યા હોત તો આજે મારી દીકરી હાથમાંથી વઇ ગઈ હોત. ભગવાન તમારું ભલું કરે કાકા. તમે તો મારી દીકરી સોનલના પ્રાણ બચાવ્યા.

''અરે દીકરા, પાડોશી પેહલો સગો. આપણે એકબીજાની મદદ નહીં કરીએ તો બીજું કોણ કરશે? કાંઈ જરૂર હોય તો કહેજે. એ હાલ ત્યારે હું ઘરમાં જાઉં.''

''પણ કાકા ઘરમાં તો તાળું છે. તમે ક્યાં જાશો? તમારો દીકરો અને વહુ તો ક્યાંક બારે ગ્યા છે.''

''ચાવી આપી હશે ને?''

''ના કાકા, નથી આપી. મેં ઘણુંય કહ્યું કે કાકા આવશે ત્યારે ક્યાં જશે? ચાવી મને આપતા જાઓ પણ વંદના ભાભીએ ધરાર ના પાડી અને હાલતા થયા. આટલી ટાઢમાં ક્યાં જાશો? મારા ઘરે હાલો કાકા. મને તમારો દીકરો જ ગણજો. મારી સોનલ દીકરી પણ ખૂબ રાજી થાશે.''

પારકાનું હેત ઘણીવાર પોતાનાંને ભુલાવી દે. જેની પાછળ જિંદગી ખર્ચી, પોતાના સુખનું બલિદાન આપ્યું એ દીકરો આજે બાપની સહેજ પણ દરકાર નથી લેતો. આંખમાં આંસુ સાથે કાકા પાડોશીના ઘરે ગયા. ચીમને આંગણામાં ખાટલો ઢાળી કાકાને બેસાડ્યા. દાતણપાણી કર્યા પછી કાકાને ગરમાગરમ ચા ને ગાંઠિયા ખવરાવ્યા. કાકાના ઉદાસ ચેહરા પાછળનું બનાવટી હાસ્ય પરખાઈ જતું હતું.

કાકાને આશ્વાસન આપતાં ચીમન બોલ્યો, ''કાકા, તમે જરાય જીવ ન બાળશો. હું સમજુ છું તમારી પીડા. પણ આજકલ બધે આવું જ હાલે છે. એટલે ઘરડે ઘડપણ માવતરને ઘરડાઘરમાં જવાનાં વારા આવે છે. આ મારી સોનલ તમારી પૌત્રી જેવી છે. તમતમારે એયને એની હારે નિરાંતે વાતો કરજો. તમારો દિ ક્યાં પૂરો થશે ખબર પણ નહીં પડે.''

''મારા દીકરા માટે હવે શું કરવું એ મે વિચારી રાખ્યું છે ચીમન. હજી મારે પેંશનના રૂપિયા આવે છે. મે ભલું કરીને એ રૂપિયા પણ દીકરા વહુને આપ્યા કર્યા પણ હવે નહી આપું. આજે મારી પાહે ચ્હા પીવાના પણ રૂપિયા નહોતા. આજે બપોરે જ પોસ્ટમાં જાઉં છું.''

''કાકા પોસ્ટમાં શું કામ?''

''સરનામું બદલાવા અને ખાતું બદલવા. તું જો ચીમન આ મારો દીકરો સામેથી મને લેવાનો આવે તો કહેજે !!''

બપોરે ચીમનના ઘરે રોટલો અને રીંગણા-બટેટાનું શાક જમી કાકા થેલો ઉપાડી પોસ્ટમાં ગયા અને વિધિ પતાવી વળી પાછા અમદાવાદ ઊપડ્યા. હજી ગઇકાલે તો આખી રાત મુસાફરી કરી હતી. એ જ બસમાં ફરી બેઠા. કંડક્ટર કાકાને ઓળખી ગયો.

''કાકા, વળી પાછા અમદાવાદ. હવે આ ઉંમરે આટલી લાંબી મુસાફરી વારેવારે બહુ સારી નહી. ઘરે આરામ કાં નથ કરતા !!''

''હવે મોરબી પાછો નથી આવાનો દીકરા. અમદાવાદમા જ રોકાઈ જવાનો.''

''પણ કાકા, તમે મૂળ કાઠિયાવાડી. અમદાવાદમાં કોણ તમારું? ક્યાં રોકાવાના? કોના ઘરે??''

''બેટા, છે એક ઘર. મારી બેનનું. મારી લોહીની સગી નથી પણ એથીયે વિશેષ છે. બસ એની હારે એની સેવામા જ પાછલી જિંદગી પૂરી કરીશ. આ મારા દીકરાને હવે મારી જરૂર નથી. એ ભલે એકલો રે'તો.''

''કાકા, માંડીને વાત કરો. તમે શું ક્યો છો કાંઈ સમજાતું નથી.''

''સાંભળ ત્યારે !

એ વખતે અમે ચારેક જુવાનિયા મોરબીથી ભાવનગર જાતા'તા. છકડામાં બેસીને. પણ એગોઝારી ઘટના આંખો સામે આવતા હજીય કાળજુ કંપી જાય છે દીકરા.

મારો ભાઈબંધ રામ મારી સાથે હતો. બીજા દિવસે રક્ષાબંધન હતું. એની બેન મંજરીને સારો વર મળે એની માનતા રાખી હતી. પણ અચાનક હાઇવે પર સામેથી પુરપાટ આવતો યમદૂતના દૂત જેવો ખટારો સીધો અમારા છકડા સાથે અથડાયો. છકડો ઊંધો વળી ગયો. મને વાગ્યું


ISSN 0976 – 9609

અને મારી સાથે બીજા કેટલાય ગંભીર રીતે ઘાયલ થયાં પણ મારો જીગરજાન રામ ત્યાંજ મારી નજરની સામે ગુજરી ગયો. જતા જતા એની એક જ ઇચ્છા હતી કે મારી બેનને કદીયે ભાઈની ખોટ નો લાગે.

એની વ્હાલી બેન મંજરી તો એના ભાઈના કાંડા પર રાખડી બાંધવાની વાટ જોઈને બેઠી હતી. રામનો મૃતદેહ જોઈ એના પરિવારનું હૈયાફાટ રુદન હ્રદય વલોવી નાખતું. મંજરીએ પોતાના ભાઈના હાથમા રાખડી બાંધી હતી.. કપાળમાં કંકુનો ચાંદલો કર્યો. અને કાળજુ કંપાવી નાખે એવું આક્રંદ કરતા બોલી, '' વીરા તું તો હાલ્યો ગયો, પણ હવે મારે કોને રાખડી બાંધવી, કોણ મારી રક્ષા કરશે? કોને મારે ભાઈ કે'વો? મને પણ તારી હારે લઈ જા વીરા !''

એ દિવસે મંજરીબેનને વચન આપ્યું તું કે આજથી હું તારો ભાઈ ! રામની બધી ફરજ હું પૂરી કરીશ.

તે દિ'થી લઈને આજસુધી મેં ભાઈ તરીકેની તમામ ફરજ નિભાવી છે. એના લગનથી માંડી વિધવા થઇ ત્યાં સુધી તમામ ચડતી-પડતીમાં હું તેની સાથે રહ્યો છું. એ મારી બેન અમદાવાદમાં જ રે છે એક ઘરડાઘરમાં. અવારનવાર એને જ મળવા જતો હતો. પણ હવે એ જ ઘરડાઘરમાં હું પણ રહી જઈશ, મારી બેન હારે.

મંજરીબેનને બધું સુખ મળ્યું પણ શેર માટીની ખોટ કદી ન પુરાઈ. પતિના ગુજરી ગયા પછી ઘરમાં એકલા રે'વું અઘરું થાતું'તું. એટલે ઘરડા ઘરમાં રેવા આવી.'' બોલતા બોલતા કાકા અટક્યા.

''પણ કાકા તમારા દીકરાને ખબર છે કે તમે ઘરડાઘરમાં રે'વાનાં છો?''

એને જે દિ' બાપની લાગણી થશે તે દિ આવશે મળવા. હવે હું મારી રીતે જીવીશ. મારા જેવા ઘરડા માંદા માણસોની સેવામાં જીવન વિતાવીશ.''

વાતોવાતોમાં રસ્તો ક્યાં કપાઈ ગયો ખબર પણ ન પડી અને અમદાવાદ આવી ગયું. કંડકટરને આવજો કહીને કાકા વળી પાછા વૃદ્ધાશ્રમ આવી પહોંચ્યા.

''મંજરી હું આવી ગયો બેન. હવે તારી હારે જ રેવાનો છું. એ બેન બારણું ખોલ.''

બારણું ખોલીને મંજરીબેન બહાર આવ્યા. સામે પોતાના ભાઈને જોઈને રાજી પણ થયા અને આશ્ચર્ય પણ પામ્યા.

''આવો આવો ભાઈ. ઘરે બધા ઠીક છે ને? કેમ આટલા જલ્દી આવ્યા.''

''બધા મજામાં હો બેન ! પણ હવે મારે અહીં જ રહેવું છે મારી બેન સાથે. તેનો સથવારો કરવા.''

''મારે તો મજબૂરી છે ભઈલા. પણ તારે તો દીકરા વહુ છે. તમે અહીં રહો તો મને તો ખૂબ આનંદ થાય પણ તમારા ઘરે શું કહેશો??''

''એ બધી ચિંતા છોડો બેન. ચાલો આપણે નિરાંતે ફળિયામાં હીંચકે બેસીએ.''

મંજરીબેનની બાજુના રૂમમાં કાકાને એક ખાલી રૂમ મળી ગઈ. ઘરડાઘરમાં કાકા બીમાર વૃદ્ધોની દેખભાળ કરતા. સેવાભાવથી સૌનો પ્રેમ જીતી ચૂક્યા હતા. કાકાના સુમધુર અવાજમાં ગવાતા ભજન અને પ્રભાતિયાં સાંભળવા સૌ વૃદ્ધો તલપાપડ થતાં.

મંજરીબેને વીલ બનાવી રાખ્યું હતું. પોતાના બીજા કોઈ વારસદાર તો હતા નહીં તો વિચાર્યું કે કેમ આ ભાઈને જ બધું ન આપું, જે મારા દરેક દુઃખમાં મારી પડખે રહ્યા છે. કાકાને ખબર પડી કે મંજરીબેન વીલમાં પોતાના નામે તમામ મિલકત કરવા માંગે છે ત્યારે આનાકાની કરતા બોલ્યા, ''અરે બેના ! હું તો હવે ખર્યું પાન. હું તારી આ માલમિલ્કતનું શું કરીશ? તું તારે વિચારીને વીલ બનાવજે. મારે મારા પેંશનના થોડા રૂપિયા આવે છે એનાથી સંતોષ છે. જીવનમાં ઝાઝી હવે બીજી કોઈ ઇચ્છા પણ નથી રહી.''

''ભઈલા મને વિશ્વાસ છે કે તમે પૈસાનો સદુપયોગ કરશો. હવે હું નિરાંતે મારા પતિ ભેગી થઇ જાઉં. એમના ગયા પછી જીવનમાંથી રસ ઊડી ગયો છે. જીવનસાથીનો ઝુરાપો આ ઉંમરે હવે નથી સેહવાતો. ''

મંજરીબેનના અવસાન પછી કાકા સાવ એકલા પડ્યા. દીકરો કયારેય ભાળ કાઢવા આવ્યો જ નહીં. એકાંકી જીવન જીવતા પરદુઃખભંજન કાકાની એક વખત આમ જ બેઠાબેઠા આંખ મીચાઈ ગઈ હંમેશ માટે. બાપના મોતના સમાચાર સાંભળી દીકરાએ હરફ સુદ્ધાં ન ઉચ્ચાર્યો. છતાંય પાડોશી ચીમન સમજાવીને કાકાની અંતિમવિધિ માટે પરાણે તેને

અમદાવાદ લઇ આવ્યો.

''આ કાકાનું વીલ છે. તમે વાચી લ્યો. ચીમનને દેવાનું કહ્યું હતું મરતા પહેલા.'' ઘરડાંઘરના માલિક ચીમનના હાથમાં કાગળ આપતા બોલ્યા.

ચીમને વીલ વાંચ્યું તો એમાં લખ્યું હતું કે મારી પાસે જે કાંઈ સંપત્તિ છે તેનો અડધો ભાગ આ ઘરડાઘરને મળે અને બીજો મારા દીકરાને.

વીલ વાંચી પહેલીવાર તેની આંખમાં પશ્ચાત્તાપના આંસુ આવ્યા. ઘરડાંઘરના એ રૂમમાં જ્યાં તેના બાપે દેહ છોડ્યો હતો ત્યાં બેસીને તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. ચીમન તેના ખભે હાથ મૂકીને તેને આશ્વાસન આપી રહ્યો હતો.

''ભાઈ, છોરું કછોરું થાય, પણ માવતર કમાવતર નો થાય ભઈલા. આ તારા બાપનું કાળજુ જોયુંને! હું કાકાની ઉદારતાને વંદન કરું છું..''

''ચીમન, હું આ તમામ સંપત્તિ આ સંસ્થાના નામે કરું છું. જીવતા જીવત મે એમના માટે કાંઈ ન કર્યું, હવે આ રૂપિયા પર મારો કોઈ અધિકાર નથી.''

ઘરડાઘરના તમામ સભ્યો કાકાના દીકરાનું હ્રદયપરિવર્તન જોઈને રાજી થયાં. વડીલોના આશીર્વાદ લઈને બન્ને મોરબી પાછા વળ્યા....

-પ્રાધ્યાપિકા, મીકેનિકલ એન્જિનિયરીંગ વિભાગ
એ.ડી.આઈ.ટી., ન્યુ વલ્લભવિદ્યાનગર
મો.- ૯૯૦૪૨૩૭૮૪૭

॥ વિદ્યાવૃત્ત ॥

## નલિની આર્ટ્સ કોલેજમાં નવઆગંતુક વિદ્યાર્થીઓ માટે NSS અભિમુખતા કાર્યક્રમ યોજાયો

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજના NSS વિભાગ દ્વારા એફ. વાય.બી.એ.માં નવો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના અધ્યક્ષ સથાને કોલેજના આચાર્ય ડો. એમ.જી.મન્સુરી ઉપસ્થિત રહ્યા હતા તેમજ કોલેજ મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડો. મીનેશભાઇ પટેલ અને NSS પ્રોગ્રામ ઓફિસર્સ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ડો. બી.એમ. ગજેરાએ સ્વાગત અને પરિચય આપ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી ડો. એમ.જી.મન્સુરીએ પ્રસંગોચિત ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે NSS ની પ્રવૃત્તિઓ કોલેજકાળ દરમિયાનના વિદ્યાર્થી-જીવનમાં વિદ્યાર્થીના વ્યક્તિત્વ વિકાસ અને સદ્ગુણો કેળવવામાં બહુ મોટો ભાગ ભજવે છે. સાથે સાથે નૈતિક મૂલ્યો અને વ્યક્તિની સામાજિક જવાબદારીનું ભાન કરાવે છે. તેઓએ પોતાના પ્રોગ્રામ ઓફિસર તરીકેના ભૂતકાલીન અનુભવો પણ વિદ્યાર્થીઓ સામે રજૂ કરતાં જણાવ્યું હતું કે, આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને તેમની ભાવિ વ્યાવસાયિક કારકિર્દીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સાબિત થતી હોય છે.

પ્રોગ્રામ ઓફિસર ડો.બી.એમ.ગજેરાએ NSS વિભાગ દ્વારા વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવતી વિવિધ નિયમિત પ્રવૃત્તિઓ તથા સાત દિવસીય ખાસ વાર્ષિક શિબિર અંગે વિગતવાર માહિતી આપી હતી. ઉપરાંત સરકારશ્રી દ્વારા અમલમાં આવતી લોક કલ્યાણકારી યોજનાઓનો એન.એસ.એસ. દ્વારા વિદ્યાર્થીઓ થકી કેવી રીતે છેવાડાના માણસ સુધી લાભ પહોંચાડવામાં મદદરૂપ થઇ શકાય તેની માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે આભારદર્શન ડો.નીરૂબેન પટેલે કર્યું હતું તથા સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો. પ્રિયંકા ચૌહાણે કર્યું હતું.


ISSN 0976 – 9609

# ઉમદા શિક્ષક

ઈશ્વરભાઈ વાઘેલા

શિક્ષણ એ વિદ્યાર્થીઓ, સમાજ, રાજ્ય અને દેશ-વિશ્વ માટેની સેવા છે. આપણા પ્રાચીનકાળમાં શિક્ષણ આશ્રમમાં અપાતું. શિક્ષણ આપતા શિક્ષક ત્યાં જ રહેતા. સ્વયં મહેનત કરતા, વિદ્યાર્થીઓને પણ પરિશ્રમ તરફ દોરી જતાં, સૌને અનુભવ આધારિત શિક્ષણ અપાતું. જે કંઈ મળતું તેમાંથી જીવન જીવતાં, રાજાઓ કે સમાજનો ફાળો રહેતો છતાં કોઈ મોટી અપેક્ષાઓ સિવાય કાર્ય કરતાં. જો કે સર્વ માટે શિક્ષણનો અભાવ હતો કેટલાક રાજ્યાશ્રયી હતા. વર્તમાનકાળે શિક્ષણ સૌને માટે ખૂલ્યું છે. જે ઇચ્છે તે શિક્ષકના વ્યવસાયમાં આવી શકે છે. પણ સેવા અને વ્યવસાયનો તફાવત ખટકે તેવો છે. બીજી બાબત અનુભવ આધારિત, જીવનદાયી શિક્ષણ રહ્યું નથી. શિક્ષિત થયેલો યુવાન ખુરશીની નોકરી શોધી રહ્યો છે. શિક્ષણમાં પરિશ્રમ, પ્રવૃત્તિઓ, અનુભવો, જીવનોપયોગી બાબતોનો અભાવ જોવા મળી રહ્યો છે. પુસ્તકકિયું શિક્ષણ જીવન માર્ગને શોધી રહ્યું છે. ત્યારે સારા, ગુણવાન, ઉમદા શિક્ષકની જરૂર વધતી જાય છે. ઉમદા શિક્ષક એટલે જે પોતાની ભૂમિકાઓ યોગ્ય રીતે ભજવે તેવો શિક્ષક. શેક્સપિયરના શબ્દોમાં, 'આખુ જગત રંગભૂમિ (નાટ્યમંચ) છે. અને બધાં એ તો માત્ર પોતાને ભાગે આવતી ભૂમિકા ભજવવાની છે.' શિક્ષકના ભાગે સમાજને, દેશને, વિદ્યાર્થીને એવા આદર્શ પથ પર દોરી જવાની ભૂમિકા છે કે જ્યાં સૌ સાથે મળીને સૌની સેવા કરતા રહે. મેવાની આશા રાખ્યા વિના. જે કંઈ મળે તે સૌ વહેંચીને ભોગવે. સર્વત્ર સુખ, શાંતિ, પ્રેમ પ્રસરી રહે. ભૂમિકા ખૂબ જ અઘરી લાગે તેવી છે. પણ આજની જરૂરિયાત આ છે. જે આ કરી શકે તે ઉમદા શિક્ષક. આ સંદર્ભે થોડાક વિચારો પ્રસ્તૃત કર્યા છે.

## શિક્ષણમાં રસ હોય

જે શિક્ષક બનવા ઇચ્છે તેને શિક્ષણમાં રસ હોવો જોઈએ. જેને રસ નથી તે યાંત્રિકતાથી કાર્ય કરશે જેથી તેનું કાર્ય વિદ્યાર્થીઓમાં ત્રાસદાયક બનશે. રસ હશે તે શિક્ષણમાં વૈવિધ્યતા લાવી, વિદ્યાર્થીઓને શિક્ષણકાર્યમાં સાંકળી, અનુભવો આપી, શિક્ષણને રસદાયક બનાવશે, જેથી વિદ્યાર્થીઓને પણ ભણવામાં રસ પડશે.

## વિદ્યાર્થીઓ માટે પ્રેમાળ હોય

જે શિક્ષકમાં પ્રેમ હોય, અનુકંપા હોય તે વિદ્યાર્થીને પોતાના તરફ આકર્ષી શકે છે. પ્રેમાળ શિક્ષકનો ડર વિદ્યાર્થીને લાગતો નથી. તેમની પાસે વિના સંકોચે વિદ્યાર્થી પોતાની મુશ્કેલીઓ રજૂ કરી શકે છે. તે હમેશાં વિદ્યાર્થીઓથી ઘેરાયેલો રહે છે. તે વિદ્યાર્થીને સદા માટે મદદરૂપ બનવા, તેની સમસ્યા દૂર કરવા તત્પર રહેતો હોય છે. જે. કૃષ્ણમૂર્તિ કહે છે કે, પોતાના દૈનિક જીવનમાં પ્રેમનું તત્ત્વ પ્રબળ જણાતું ન હોય તેવા કોઈએ શિક્ષક થવું ન જોઈએ.

## વિવેકદૃષ્ટિ હોય

શિક્ષણ માટેની વિવેકદૃષ્ટિ. શિક્ષણ શું? શા માટે? કેવી રીતે આપવું? તે બાબતની દૃષ્ટિ. શાળાના વર્ગમાં જઈને ફક્ત કથન કરી જાય, પાઠ વાંચી જાય અને જેવું તેવું કથન કરી નાખે, માત્ર નોટ્સ લખાવી દે તેવા, એકાદ-બે રમૂજી ટુચકા સંભળાવી દે તેવા શિક્ષકોની જરૂર નથી. પણ વિદ્યાર્થીને વાંચતા કરે, અર્થગ્રહણ કરતા કરે, વિચારતા કરે, શીખતા કરે, આચરતાં કરે તેવા શિક્ષકોની જરૂર છે. માહિતીલક્ષી જ્ઞાન તો ટી.વી. પુસ્તકો, રેડિયો, સમાચાર પત્રો, ઈન્ટરનેટ, મોબાઈલ વગેરે પાસેથી મળી રહે છે. પણ તેને સમજીને યોગ્યનો, સારું છે તેને સ્વીકારીને ઉપયોગ કરે, આચરણ કરે તે માર્ગે દોરી જનારો શિક્ષક જ ઉમદા શિક્ષક કહેવાય.

## પોતાના વિષય સાથે અન્ય વિષયોમાં પણ લગાવ હોય

શિક્ષકનો પોતાનો વિષય (ગુજરાતી-હિન્દી- સંસ્કૃત-અંગ્રેજી- સામાજિક વિજ્ઞાન-ગણિત-વિજ્ઞાન-આંકડાશાસ્ત્ર વાણિજ્ય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ચિત્ર, વ્યાયામ વગેરેમાંથી કોઈ એક) હોય છે. જે વિષય હોય તે વિષયનું ૭૫ ટકા જ્ઞાન તેની પાસે હોવું જોઈએ (કારણ સંપૂર્ણ જ્ઞાન મેળવવા માટે આખું જીવન જાય તો પણ ન મેળવી શકે તેવું જ્ઞાન છે) આ ઉપરાંત અન્ય વિષયોનું ૨૫ થી ૩૦ ટકા જ્ઞાન હોવું જરૂરી છે. જે તેણે વાચન દ્વારા મેળવવું રહ્યું જેથી પોતાના વિષયને અન્ય વિષયો સાથે સાંકળવા-અનુબંધ કરવા સરળતા રહે. આમ કરી શકાય તો વિષય શિક્ષણ સરળ બનાવીને, વિદ્યાર્થી માટે ભારરૂપ

ન બને તેવી રીતે શિક્ષણકાર્ય કરી શકે તે ઉમદા શિક્ષક કહેવાય.

### સારો વાચક, ભાવક અને વિચારક હોય

જે સદા વાંચતો રહે, વાંચે તેને સમજતો રહે, સ્પષ્ટ કરતો રહે, વાંચ્યું છે તેને વિચારતો રહે, જે સારું છે તેનો સ્વીકાર કરે અને આચરણ કરે તે જ ઉમદા શિક્ષક. પોતાના વિષયના પાઠ્યપુસ્તકો પણ વાંચી જાય અને તેની સાથે પોતાનો વિષય ક્યાં જોડાય છે તે વિચારે, વિદ્યાર્થી ઓને તે દર્શાવે, અને શિક્ષણને રસદાયક બનાવવા સતત વાચતો-વિચારતો રહે તે અનિવાર્ય છે. શિક્ષક વાચક હોય તો જ તે વિદ્યાર્થીઓને વાચન તરીકે દોરી જઈને વિકાસના પંથે દોરી જઈ શકશે.

### લેખનમાં રુચિ હોય

વાંચે, વિચારે, સમજે, સ્પષ્ટ કરે, આચરે તેની સાથે લખે તે જરૂરી છે. વર્તમાનકાળે પરીક્ષા લેખિત સ્વરૂપે છે. પ્રશ્નોના ઉત્તરો લખવાના છે. જે શિક્ષક ઉત્તરો લખવાની પદ્ધતિ પર પકડ ધરાવતો હોય તે વિદ્યાર્થીઓને આદર્શ ઉત્તરો લખવા તરફ દોરી જઈ શકે. ભાષા શિક્ષકોએ નિબંધ-અર્થવિસ્તાર-સમીક્ષા-વાર્તા લેખન કરાવવાનું હોય છે. કોણ સારું કરાવી શકે? જેને લેખનમાં રુચિ હોય તે વિદ્યાર્થીને લખતો કરવાનો છે. તે જાતે જવાબો લખતો થાય તે શિક્ષકે જ કરવાનું છે. જો તેને લેખનમાં રુચિ હોય, તે લખતો હોય તો તે આ કાર્ય કરી શકે.

### સંયમી હોય

સ્વભાવ પર સંયમ રાખે. ગુસ્સો ન કરે, અધીરો ન બને. વિદ્યાર્થીઓને પોતાના સંતાનો ગણે. તેઓ સાથે, તેઓ માટે, દુર્મતિ ના સેવે. શિક્ષક મા-બાપ કરતાં પણ ઊંચેરો બની રહે તે આજની તાતી જરૂરિયાત છે.

### પ્રસન્ન રહેતા હોય

હસવાને કારણે શિક્ષકનું અંતઃશ્રીનું તેજ પ્રગટે છે. આથી શિક્ષકે પ્રસન્નતાને પહેરી વર્ગમાં જઈ વર્ગને સ્વર્ગ બનાવવું જોઈએ. વિનોબાજી કહે છે કે, એક ગણું ખાવું, બે ગણું પાણી પીવું, ત્રણ ગણું વાયુનું સેવન કરવું અને ચારગણું હસવું જોઈએ. ગુણવંત શાહ કહે છે કે 'જેના મુખ પર હાસ્ય ન હોય તે શિક્ષક ન હોય.'

### સ્વકાર્ય પ્રત્યે સભાન ઉત્સાહી હોય

શિક્ષકનું કાર્ય શું? તેની સભાનતા કેળવવી હોય, પોતાના કાર્યને પૂરી શક્તિથી, પૂરા દિલથી કરવા માટે તૈયાર હોય, પોતાનું કાર્ય પોતાના માટે કે માનવી માટે નહિ પણ પ્રભુને માટે કરી રહ્યો હોય તેવા ભાવ સાથે કાર્ય કરે તે ઉમદા શિક્ષક.

### સર્વ પ્રત્યે સહિષ્ણુ હોય  સર્વના વિકાસમાં રસ હોય

શાળાના બધા જ વિદ્યાર્થીઓ પ્રત્યે સહિષ્ણુતા રાખે. કોઈ પ્રત્યે ભેદભાવ ન રાખે. બધાંને જરૂરી સેવા આપે. કોઈપણ જાતના ભેદભાવ રાખ્યા વિના બધાં જ વિદ્યાર્થી ઓની સુષુપ્ત શકિતઓને પિછાનીને તેને વિકસાવવા તત્પર રહે, વિકાસના પંથે, રસના પંથે દોરી જાય તે ઉમદા શિક્ષક.

### શ્રદ્ધાળુ હોય

આત્મશ્રદ્ધા, વિદ્યાર્થીઓમાં શ્રદ્ધા, પ્રભુમાં શ્રદ્ધા જરૂરી છે. જે પોતાનામાં શ્રદ્ધા રાખે છે તે કંઈક કરી શકવાની ક્ષમતા કેળવી શકે છે. મને પ્રભુ જરૂર સહાય કરે, મને વિદ્યાર્થીઓ અને અન્યનો પણ સહકાર મળશે. તેવી શ્રદ્ધા જ વિકાસનો પંથ સરળ બનાવે છે. જે શિક્ષક વર્ગકાર્ય કરવામાં સઘળું યોગ્ય કરવા માટે શ્રદ્ધાળુ હોય, વિદ્યાર્થી ઓ મારા પ્રયાસોથી સ્વઅધ્યયન તરફ દોરાશે તેવી શ્રદ્ધા ચોક્કસ સફળતા અપાવશે જ.

### વિદ્યાર્થીઓને ભણતા કરે

કેમ શીખવું ને શીખવવું તે જ શિક્ષકનું અગ્રકાર્ય છે વર્તમાનકાળે વિદ્યાર્થી માર્ગદર્શિકાઓ સાથે અન્ય સાહિત્ય તેમજ ટ્યુશનનો બંધી બની ગયો છે. તે પોતે કશું જ કરી શક્તો નથી તેવું તેને લાગે છે. ત્યારે વિદ્યાર્થી જાતે જ શીખે, જાતે જ ભણી શકે તે માર્ગે દોરી જવા માટે શિક્ષકે સજ્જતા કેળવવી પડશે જ. જે શિક્ષક વિદ્યાર્થીને પોતાના વિષયમાં આનંદિત કરી-લીન કરીને નવરાવે, ગળાડૂબ રચ્યોપચ્યો રાખી શકે, મુગ્ધ કરી શકે તે જ વિદ્યાર્થીને સ્વયં શિક્ષણ મેળવતા કરી શકે.


ISSN 0976 – 9609

### પરિવર્તનનો પુરોધા હોય

સર્વે કંઈ છે તેમાં પરિવર્તન આવે છે. ત્યારે તેને સ્વીકારવું જરૂરી છે. શિક્ષણમાં પણ પરિવર્તન આવે ત્યારે નવી બાબતોને સ્વીકારવી, ઉપયોગ કરવો -વર્તમાન પ્રવ-ાહોથી માહિતગાર રહીને, પરિવર્તનોને સ્વીકારી શિક્ષણકાર્ય કરતો રહે તે જ શિક્ષક પોતાના ક્ષેત્રે ઉમદા બની શકે છે.

### ચારિત્ર્યશીલ-ગુણવાન-મૂલ્યવાચક હોય

સમાજ દેશના સુચારુ વિકાસ માટે મૂલ્યોનું પ્રસરણ થાય તે આવશ્યક છે. વ્યક્તિમાં ગુણો - મૂલ્યો -ચારિત્ર્યશીલતા હોય તો જ તે શક્ય બને તેમ છે. વિનોબાજીના મતે આચરે તે આચાર્ય શિક્ષક આ સંદર્ભે પોતાના આચરણ થકી વિદ્યાર્થીઓમાં-સમાજમાં ગુણો - મૂલ્યો-ચારિત્ર્યશીલતાનું પ્રસરણ કરી શકે છે.

- જે સત્ય, શિવમ્ સુંદરને સમજી શકે, સર્જી શકે તે ઉમદા શિક્ષક.
- જગતની સુંદરતાનું આનંદાશ્રય થાય, તેને પામવા અને પમાવવાનો પંથ પ્રાપ્ત કરી શકે તે ઉમદા શિક્ષક.
- જીવન સદ્‌માર્ગે જીવી શકાય તેવો વિશ્વાસ જેના દિલમાં જાગે અને વિદ્યાર્થીઓમાં જગાવે તે ઉમદા શિક્ષક.
- પંખીઓના કલરવમાં, પશુઓના પગરણમાં, બાળકોની કાલીઘેલી વાણીમાં, માનવોમાં સદ્ કાર્યોમાં અસ્તિત્વનો આનંદ જોઈ શકતો હોય તે ઉમદા શિક્ષક.
- દુઃખીઓના દુઃખમાં કરૂણા, ભૂખ્યા માટે ભોજન, તરસ્યા માટે પાણી, ઉઘાડા માટે વસ્ત્ર અંગે જે વિચારે તે ઉમદા શિક્ષક.
- પ્રકૃતિને માણી શકે, વિદ્યાર્થીઓને પ્રકૃતિ તરફ દોરી શકે તે ઉમદા શિક્ષક.
- પ્રેમની ઊંચાઈએ પહોંચવા પુરુષાર્થ કરતો હોય, સદા પરિશ્રમી હોય, પરિશ્રમના પૈસૈ જ જીવન જીવતો હોય તે ઉમદા **શિક્ષક.**

ટૂંકમાં, ઉમદા શિક્ષક વાંચતો-વિચારતો-ચિંતન કરતો -મનન કરતો-તરવરતો-મૂલ્યોનું આચરણ કરતો-પ્રસન્ન રહેતો-સ્વકાર્ય આનંદ, પ્રેમ અને સેવા સંદર્ભે કરતો -પુરુષાર્થ, તપસ્વી, હસતો-હસાવતો, રમતો-રમાડતો, પ્રવૃત્તિ-કાર્ય કરતો કરાવતો અને અધ્યેતાભાવથી ભરેલો હોવો જોઈએ.


૧૦, વૃંદાવન બંગ્લોઝ,
ધારાનગરી રોડ, વલ્લભ વિદ્યાનગર
તા.જિ. આણંદ


॥ વિદ્યાવૃત્ત ॥

## આઈસ્ટાર કોલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત રસીકરણ અભિયાન યોજાયું

તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણીના ભાગરૂપે ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઈસ્ટારમાં કોવિડની મહામારીને હરાવવાના આશ્રયથી રસીકરણનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં કુલ ૧૭૧ વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક રસી મૂકવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રૂટ ફાઉન્ડેશનનો સહયોગ પ્રાપ્ત થયો હતો. જેમાં પ્રેસિડન્ટ શ્રી તનુજભાઇ પટેલ તથા અન્ય સભ્યોનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ આયોજનને સફળતાપૂર્વક પાર પાડવા માટે કોલેજના આચાર્યશ્રી પ્રો.ડો. નિર્મલ કુમારે પૂરતું માર્ગદર્શન આપ્યું હતું અને એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડો. અમિત ઠુમ્મર તથા એનએસએસ સેલના તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## કાટ....

**આરતી બા ગોહિલ 'શ્રી'**

રામ ઔર શ્યામની જોડી જેવા બે દીકરા રઘુવીર શેઠને. બધા જાણે કે બેય દીકરા બાપ-દાદાનો ધંધો સંભાળી લેશે. અબજો રૂપિયાની સંપત્તિ ઊભી કરી લેશે. એક દિવસ બન્ને દીકરાને બોલાવી શેઠે આદેશ કર્યો, મેં ઘણું કામ કર્યું. ધંધાને આગળ વધારવાનું કામ હવે તમારું...

મોટા દીકરાએ પિતાની આજ્ઞા સાથે ચડાવી. પણ નાનો દીકરો મૂળથી જ કલાકારનો જીવ. વેપારધંધાના હિસાબ કિતાબ, લેતીદેતીમાં તે કદી પડ્યો જ નહીં. તેણે પિતાજીને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું. 'મને વેપાર કરવામાં કોઈ રસ નથી. સાત પેઢી સુધી ખૂટે નહીં તેટલું ધન તમે ભેગું કરી લીધું છે પિતાજી, મને માફ કરો. હું તો કલાને વર્યો છું. તેનું સંવર્ધન કરી સ્વનો-વિકાસ કરવા માગું છું.'

આવા આકરાં વેણ સાભળતાં રઘુવીર શેઠના ગુમાન પર કુઠરાઘાત થયો જાણે...! ન બોલવાનાં વેણ બોલ્યા...! દીકરાને કાઢી મૂક્યો. કદી મોં ન બતાવવાનાં વચન સાથે દીકરો પણ સ્વમાની. ચૂપચાપ નીકળી ગયો. પછી પાછું વાળીને કદી જોયું નહિ...!

જીદ અને અહંકારના ટેકે રઘુવીર શેઠની જિંદગી દોડતી રહી. શેઠની પૌત્રી વ્યોમા દાદાજીની અતિ લાડકી. વ્યોમા દાદાની નસ નસથી વાકેફ, તેમનો અહંકાર અને વટવાળો સ્વભાવ સારી પેઠે જાણે.

જિંદગીના વહેણ સાથે ઘસાઈને કાળમીંઢ ખડક પણ ઘસાઈને લીસ્સા થાય, તેમ રઘુવીર શેઠનું સ્વમાન ખવાતું જતું હતું. લોખંડના મજબૂત સ્તંભને કાટ લાગે તેમ, દાદાજીના મનના ફેરફાર વ્યોમા અનુભવી શકતી.

ખડક સમાન કઠણ દાદા હવે ખરવા લાગ્યા છે. અંદરથી ખળભળી ગયેલા રઘુવીર શેઠને તેણે એક દિવસ કહ્યું, 'દાદા, હવે કાકાને બોલાવી લ્યો, તમારી આગળની યાત્રા સુખરૂપ કરો..!'

દાદાની દુઃખતી નસ દબાઈ ગઈ હતી. રઘુવીર શેઠ ઊછળી પડ્યા, 'મારે એ કપાતરનું મોં જોવું નથી! કોઈ એનું નામ લેશો નહીં મારી આગળ.'

વ્યોમા જાણે કે દાદાનું સ્વમાન ડચકા ખાતું હતું! આંખે ઝાંખપ આવી. કાન ઊંડા ઊતર્યા. હાથ પગ હલાવવાની ક્ષમતા પણ ગઈ. યમરાજે રીટર્ન ટિકિટ આપી દીધી હતી...! ગમે ત્યારે તેડાં આવશે તે વાતની પાક્કી ખાતરી થતાં રઘુવીર શેઠે વ્યોમાને કહ્યું, 'હવે બોલાવી લે...એને...!'

આ સાંભળતા વ્યોમા ખુશીથી ઊછળી પડી. પણ દાદા સામે તો મોં ભારે રાખી બોલી, 'હવે કાકાને બોલાવવાનું ક્હો છો?'

ત્યારે ડગમગ થતી ઈમારત જેવુ મ્લાન હાસ્ય કરી રઘુવીર શેઠ બોલ્યા, 'હું કદી તારા કાકાને સમજી ન શક્યો. જિંદગીભર એ અફસોસ સાથે રહ્યો, વટથી જીવ્યો.! હવે વળતાં પાણી ઓળખી શકું છું, એટલે કોઈ અફસોસ સાથે મરવું નથી...! જા... તારા કાકાને બોલાવ, એકવાર આવીને મોં બતાવી જાય. કહેજે કે...'લોખંડને પણ કાટ તો લાગે...!'

૯૫/એ રૂપાલી સોસાયટી, તળાજા રોડ
ભાવનગર-૩૬૪૦૦૨
મો. ૯૪૨૭૭૫૪૨૦૭

 ISSN 0976 – 9609

# Invaluable Contribution of an Architect

**Bharat Panchal & *Sagar Desai**

We have all around us precious heritage of appreciation in the form of music, dancing, dramatics, painting sculpture and literature and they brings us real joy but there is one enormous source of artistic pleasure of which very many of us are not even conscious of it. That art is the art of Architecture.

To a man with a keen measure sense of appreciation, a building may no longer be is not merely a conglomeration of stone, and brick or iron and cement. It may become vital with beauty - a symphony thrilling in its complex- rhythms of arches and domes, of windows, doors and columns, enriching all who are willing to look at it appreciatively with its message of peace or struggle.

Of all the arts, architecture is one of the most continuously before our eyes. To hear best music, we must go to concert halls or theatres or at least switch on the radio/T.V. To enjoy literature, one must read and write extensively our best paintings and sculpture are housed in museums, to which we must make our pilgrimage, but architecture, that is buildings are constantly beside us. We live in houses and our houses can be works of architecture. We study in schools and colleges. We work in offices and factories, they can also be works of architecture.

Most of our life is spent among buildings of one kind or another, yet how many of us experience a distinct warmth of pleasure as we pass by beautiful buildings? Wherever there is a slightest attempt to make a building attractive, there is unnoticed we are just depriving ourselves of possible joy which have made can make our life richer.

**ARCHITECTURE - AN ART FOR TODAY AND FOREVER**

Architecture, then I is an art, and any art must give us pleasure or else it is a bad art, or we must be abnormally blind. We are generally too callous to think of the buildings as a piece of art and the joy it brings to us; it is because of the constant proximity of architecture during our entire conscious existence that has blinded us in this way. Because it is with us every day and because we have houses to live in, we are apt to think of architecture as one vague thing, learned think, dealing with Taj-Mahal, Pyramids, Palaces, and old temples mosques and churches etc. The fallacious doctrine, has strengthened in us so much, that our minds are atrophied to ll$^{th}$ the beauty that I is created around us today and we lose a greater part of joy in our life.

**ARCHITECTURE-AN EXPRESSION OF PURPOSE**

First of all the pleasure that architecture can bring to an understanding heart, is that warms our whole being and sends us about our work gladder, stronger and better. Then there is the satisfaction that comes from the realization that the building is perfectly suited for the function it has to perform - a satisfaction akin to that which an engineer feels in his locomotive or a pilot in his plane. Related to this the universal delight in strength and stability, the sense that a building is well built, nearly and requisitely put together and constructed in a suitable

way to last list. Architecture is feeling of peace glory and power, the beauty in it which express the time in which it was built, and the period is correctly interpreted of its economic and political theories.

**ARCHITECTURE - AN ART & SCIENCE TOO**

Architecture is a science as well as an art and the architect must not only build beautifully, but also see that his buildings are strong, durable and efficient and they are proof against weather, and that they fulfill all the practical purposes for which they are built. Good architecture must always be same and practical because of all the arts architecture is the one that touches our life at maximum number of points.

The architect must always be in our mind clear-thinking, hard headed careful to fill our daily Structural needs, whatever they are, to build dwellings, shops, air ports, factories, theatres, temples, churches etc. and see that each make it and above everything to see that it is crowned with beauty and made a source of constant delight.

**BEAUTY**

It is not a fact that architect first designs for convenience, calculates construction for strength and then composes the whole for beauty. Its beauty's is therefore a matter dependent on convenience and structural strength as well as on geometric or arbitrary design. It follows the emotional tone in architecture- identification of form with matter. The sense of peace, repose and reverence the emotion of peace, which architecture can produce is more beneficial, where there is a simplicity in design mass strongly supported. A careful harmony of proportion there is always a sense of repose and gratitude. Such as sense of gaiety playfulness and relaxation, sense of peaceful co- existence, sense of deep inspiration awe and reverence.

**PSYCHOLOGY AND ARCHITECTURE**

The psychology in a building is inner voice of our mind. The human being plays an important role to create works of architecture. The reason that the buildings are erected with considerable thought over the behavior of human beings, their social and economic conditions. Even the mass volume of the building is governed by the physical and family structure. Thus, architect who can read the psychology of his client will definitely be able to create works of art to client's utter satisfaction.

**KEEP YOUR EYES OPEN, MINDS ACTIVE AND SOUL UNSPOILED**

These then are the gifts that architecture is always ready to give you freely. Only those can experience it who keep their eyes open, minds active and souls unspoiled and their sensibilities alert and keen and those who know what. Faith and reverence are reverence are have not lost amid the turmoil of modern life, the thin clear music of the souls singing. Such a joy this can never be taught or learnt it is to be felt within yourselves. Being it today whether you think, you know anything "Architecture" or not.


ISSN 0976 – 9609

**CHOOSE ' AN ARCHITECT FOR**

Your home and the envirous, education, recreation, shopping. Your occupation industry, busines offices etc. These are linked by roads and services and that is your town or city only. Now a day's architect is not only meant for towns, cities, metro-cities and only for urban building and planning but also render their kind services to small towns, villages, districts etc. for rural areas. This is the visible city which every one sees but the Architect-planner understands the invisible city also in which you live - emotions aspirations, social relations and culture.

**FOR YOUR HOME**

Biggest single investment of your life time; naturally you will like to have the best to serve your physical requirements and mental satisfaction. You would surely like to have a Home in every sense of the word.

**FOR YOUR ENVIRONMENT**

A housing colony - a society or a community within education facilities. You will, like to stay in a good group, in healthy, natural surroundings with immediate necessities like a school - a clinic and a shop etc. at hand - this needs Organization.

**FOR YOUR OCCUPATION**

An industry- a business or an administrative office in an industry and business, you invest your skill and money for a good product and a market and your employees need a pleasing atmosphere to work. Get it organized planned and built by an architect for benefit of both the user and supplier.

**ADMINISTRATIVE OFFICE**

You serve in an- establishment: private-public or government. These should be placed where you like to go and work in.

**AND THAT MAKES A TOWN**

Which has an active economic base, good social like offers physical and mental happiness to its individuals - there grows a culture. Four walls and roof do not make architecture. Physical and spiritual needs of the society expressed through structure and materials make architecture which will reflect true culture of our age.

**HOW DO YOU GET HIM?**

If you see some good buildings, inquire about the architect. Meet him directly or through a friend. Read architectural periodicals and know the architects and their works. Write to the authorized local or central bodies {such as Indian institute of Architects} and get the list of architects nearby where you stay.

Seek their advice about whom to contact for a specialized job. Contact the people concerned in all types of building industries to suggest to you an architect. Please remember, architect is not a designer or pretty elevation, to be collect after-major decisions are taken by you.

**MAKE YOUR CHOICE**

Visit his office and ask him to come and see you, he is for your service. Have a look at his office and quality of his works (Photographs, models of completed works). Discuss the

purpose of your building and requirements and the amount you intend to spend. Show him your site or accompany him to choose a site.

Meanwhile be informed about his fees and services. He will tell you the stages the design the billing process will pass through and the services he will offer. You may; if you so wish, interview two or three architects but do not ask many to submit sketches or call for tenders. It is below dignity either side. If you accept his terms, appoint on clear conditions of services and professional charges. Your building is his prestige.

**PROFESSION AND SERVICES**

Architect is a member of a noble profession and is more a creative organizer.
He offers an impartial advice in the complicated task of building in the following.
Translates your needs in to building to serve your purpose and represents good value of your money.
Designs to satisfy your physical {functional) needs and the psychological (aesthetical needs.
Design to protect you from climate for comfort.
For right function.
For fundamental aesthetics.
For strength and durability and get all other services from other consultants.

**HIS ASSETS AND SPECIALIZATIONS**

- A legal adviser and arbitrator for court cases.
- Valuer and insurance assessor.

Interior designing, landscape designing, industrial design. Architect plays major role in village, town, country or regional planning. He is an educationists because architecture is the image of prevent culture and civilization. The art of architecture is one of the greatest contributions towards building up for our culture. Today`s building will be tomorrow heritage.

**ARCHITECT FOR ECONOMY**

Architecture is not only for luxury. It is a necessity as primary as food, clothing and shelter. An architect can provide very good design for small shelter for poor.

- Advice on selection of sit- investigation of the site and services.
- Study of your requirements economy and prepare sketch schemes until you are satisfied.
- Get these approvals from local authority.
- Help you to choose contractors and builders
- Prepare working drawings and details.
- Help to seek and provide engineering services approved by him.
- Supervise from time to time.

Check the bills and approve the payments.

Thus, complete the building in all possible respects. Throughout the task, he works closely with you and you can rely him like a friend.

• Associate professor,
PP. savani University, Surat
Mob.- 9925280887


ISSN 0976 – 9609

# Shantaben Manubhai Patel School of Studies and Research in Architecture and Interior Design (SMAID)

**Prof. Jyoti Gill**

## ABOUT INSTITUTE

Shantaben Manubhai Patel School of Studies & Research in Architecture and Interior Design is a dream venture of Dr C L Patel, Chairman of CVM aiming to provide creative learning environment for various branches of Design Education. The Institution is located in the satellite township of New Vallabh Vidyanagar. It is a peaceful setup on a lush green belt of the region. The pledge of CVM to bring renaissance through the means of education has brought a cascading flow of colossal donations from India and abroad. The campus incorporates two Engineering Colleges, I T I College, Pharmacy College, Ayurvedic College and Hospital, Bio Technology, Hospitality & Management College plus a state of the art Design School (SMAID).

## SALIENT FEATURES

- Experienced and Professional Academicians.
- Beautiful lush green climate responsive building with state of art Architectural education infrastructure.
- CVM University infrastructure for students including Girls & Boys hostel with Canteen, Gym, Health Center, bank/ATM, Sports facilities.
- Operational efficient indoor environment.
- 24 X 7 campus remains open to support design education with round the clock stationary shop and canteen.
- Introducing Innovation, Research & Design Cell for education.
- Institutional collaboration with various Professional Bodies/ Societies for Student's knowledge & capacity building

## OUR VISION

We believe in Global competitiveness and compatibility with multi- disciplinary approach for meaningful Design excellence.

## OUR MISSION

Design is not just for a privileged few but for everyone, everywhere and the true value of design is in defining and improving the quality of life. We believe that our identity as an educational institution depends on our organizational culture, our philosophy; and the opportunities we can offer. We strongly believe that design is for masses and adds value to life.

- Bachelor of Architecture, 5 years [COA, New Delhi Approved Institution/ GJ 15]
- Bachelor of Design (Interior Design), 4years [IIID Collaboration]
- Planning Degree Program, 4years [approved by ITPI, New Delhi]

## ACADEMICS

Our institute offers

1. BACHELOR OF ARCHITECTURE [5 years (10 Semesters) Intake of 40 seats]

2. BACHELOR OF INTERIOR DESIGN [4 years (8 Semesters) Intake of 30 seats]
3. BACHELOR OF PLANNING [4 years (8 Semesters) Intake of 20 seats]
4. MASTER OF INTERIOR DESIGN [2 years (4 Semesters) Intake of 10 seats]
5. MASTER OF URBAN AND REGIONAL PLANNING [2 years (4 Semesters) Intake of 10 seats]

Our students are well exposed to the latest developments in technology through lectures, seminars and workshops delivered by eminent professionals from the practicing field as well as highly educated. Amongst the faculty members some of them are Ph.D degree holders & some of them are pursuing their Ph.D. from well reputed universities.

**Infrastructure Facilities**

Institute has fully equipped computer lab for the students. We have more than 50 computers/ laptops with internet access also have Wi-Fi facility for students and faculty members. Institute has well organized library facilities for the students and faculty members. All the categories/ subjective books available – history, construction, materials, structure, basic design, urban, residential, corporate, institutional, corporate, anthropometry, technical, design principal, climate, acoustic, quantity & estimation, professional practice, furniture design, geometry and so on with magazines, which acknowledge our skill to name a few, photography, architecture digest, better interior, inside outside, architecture+.

The Institute have principal office, conference/ meeting room, administration office area including accountant, administrator, research cell, clay modeling workshop with model making wheel, metal workshop, carpentry workshop with all equipment with skilled workshop assistant, climate lab, material museum, model making room, A.V.Room, multipurpose room, indoor TABLE TENNIS table, water cooler, washrooms on each floors, lounge room, examination hall, wide passages, atrium, canteen with O.T.S, printing room, amphitheatre.

**Research and Development Cell:**

A STEP FORWARD IN THE INTERNATIONALIZATION OF HIGHER EDUCATION INSTITUTIONS IN NEPAL AND INDIA.

SMAID had always made an extra effort in promoting research and development through courses run by its departments. To create a network of Asian and European partners as a way to promote regional and international cooperation, European Union is funding a project on Internationalization of Higher Education Institutes in India and Nepal through Erasmus- KA2 Project. SMAID has been selected as an Institutional partner from India as part of the Consortium of Higher Education Institutions in India (5 Partners), Nepal (2 Partners), and led by the University of Aveiro (Portugal) and the University of Cartagena, Spain (Program Co-coordinator). SMAID is involved in a research survey of various Indian universities and institutions in the west zone of India. KOM- Kick-off Meeting was held at Kathmandu, Nepal during 10-


ISSN 0976 – 9609

13 December 2019. The team representing at SMAID is comprising of Prof. Jyoti Gill, Ar. Jemish Lathiya & Jainesh Patel. SMAID organized various open Discussion forums with Internal as well as external Stakeholders for framing & design Strategic Internationalization Plan (sip) for SMAID (CVMU).

**Activities of students**

SMAID organizes various co-curricular & extra-curricular activities through arrangements under cells formed at the institution as student council, sports, women development cell and alike. Co-curricular activities include site visits, R.S.P (Related Study Program), seminar & expert talks, hands-on workshops towards value addition.

Our students do the site visits as per their project/ exercise requirements at regular intervals. It includes construction site visit, timber industry visit, steel/ metal powder coating, aluminium sections market survey, glass process, marble, tiles, granites, all paints, hardware, sanitary fittings & accessories, climatology & solar-related instruments, plywood manufacturing factory, architectural & interior based project site visits – adaptive reuse, conservation projects, heritage structure & their spaces, usages and so on.

R.S.P comprises study tours for each year in architecture & interior designing. The students visit a place to explore study-related aspects. The scope of study varies depending on the stages for each year, leading towards further expedition through the studio tasks for their entire semester. The work includes history, traditional art & crafts, residential townships/areas, contextual understanding of development, urban design aspects, corporate project designs, conservation & adaptive reuse of older buildings and sites.

Seminar/ expert talk –faculty members, professors, & professional practicing dignitaries are invited to our college for sharing their experiences & project-related expertise. Gyproc construction power tools, door window channels, software learning, professional portfolio learning, furniture products, sound senses – home- automation, CERA– sanitary fittings, Vastushastra Nippon veneers have had shared insights during fruitful sessions. We were fortunate to have professionals as Ar. Yashwant Mistry, Ar. Yatin Pandya, Ar. Ashish Amin Ar. Kirti Shah, Ar. Rahul Dalvi, Ar. Chetan Vaidya, Ar. Anirudha Dehade, Ar. Sudhir Thakur, Ar. Karmaveer Ghatke, Er. Dipen Gada, Ar. Kamal Patel at various instances.

SMAID uniquely organizes workshops comprise of hands-on and creative activities for students. These are events led by artists belonging to different specialities. To name a few, photography by Sunil Adesara & Rakesh Baria, terracotta & clay workshop By Vaishali Prajapati & Himmat Panchal, origami workshop, canvas painting, miniature paintings, rendering workshops by Prof. Ajit Patel, papercraft workshop, deployable structure making, model making workshop, metal sculpture making, textile – tie & dye-making, glass workshop, wood workshop, colour workshop.

Other than the regular academic co-curricular activity, students also take an opportunity to participate in different

competition at state and national levels – NASA, NIASA, Heritage trophy & documentation.

Our students also celebrate extra-curricular activities with the same energy & enthusiasm. Some events include Yoga Day, Tree plantation, Janmashtami, Ganpati festival, Blood donation, Navaratri, Annual festival, Holi, Women's day, ceremonial Graduation program, Orientation for newcomers, Cyber-crime & Drug deduction day, Teacher's day, Sports activity & competitions, Food festivals, Musical/ cultural nights, Fresher's welcoming, Documentary movie screening, Debate competitions and so on round the year. These activities are aimed to develop team-building and leadership development, adding value with event management skills among the students.

Student's achievements:

Many of the students have achieved remarkable success in their student life in various areas – SMAID has been always put their step forward by taking part in anything challenging.

Recently our students from architecture, interior design & planning contributed their efforts in Azadi Ka Amrut Mahotsav at Vadsar, Vadodara. The team of all students and faculty members conceptualized, designed, and executed redesigning a filthy space below the railway over-bridge. As a result, Vadodara Municipal Corporation could take up the challenge of place-making, and SMAIDians joined hands to show creativity for people. The activity has been exemplary and receiving accolades and appreciation from local to national levels. Earlier no one utilized the space except for garbage dumping. Pupils and children now enjoy the renovated space as a park creating curiosity and having a fun time.

» Students in sports badminton competition – 2nd position winner 2019-20
» Students in NASA
» Students in final year Architecture & interior design received gold medals & university first rank
» Heritage trophy 1st rank at national level- 2019-20
» Volcano competition winners –
» Master chiefs - 1st position
» Collage making – 2nd position
» Face painting – 3rd position
» Inter college cricket tournament

---

Dean Principal
Faculty of Architecture & Planning
(SMAID)
CVM University
New Vallabh Vidyanagar

 ISSN 0976 – 9609

# જીવનમાં ધ્યાનનું મહત્ત્વ

પી.ડી. શર્મા



મહર્ષિ પતંજલિ અનુસાર કોઈપણ વિષયના પ્રત્યે મનન ઊંડાણપૂર્વકનો સંયોગ જ ધ્યાન છે. સાંખ્યદર્શન અનુસાર મનની નિર્વિષય સ્થિતિ જ ધ્યાન છે. સરળ સ્વરૂપમાં કહી શકાય કે, મનને બધા અડચણરૂપ અને નકારાત્મક વિચારોથી મુક્ત કરવું જ ધ્યાન છે. ધ્યાન કરવાથી એકાગ્રતા વધે છે અને તેથી તે કામ સારી રીતે કરી શકાય છે. વિશેષજ્ઞો માને છે કે નિયમિત ધ્યાન કરવાથી માનસિક સ્વાસ્થ્ય સુધરે છે. મોટા ભાગના વિશેષજ્ઞો માને છે કે નિયમિત ધ્યાન કરવાથી માનસિક તણાવ, ચિંતા, ભય અને હીનભાવનાથી છુટકારો મળે છે. ધ્યાનથી આત્મિક શાંતિ પણ પ્રાપ્ત થાય છે, કારણ કે ધ્યાનમાં વ્યક્તિ મનને શાંત કરી એકાગ્ર ચિત્ત બને છે. ધ્યાનપદ્ધતિ કોઈપણ હોય, એમાં ઈન્દ્રિયનિગ્રહની વાત અવશ્ય મળે. યાદ રાખો 'ઈન્દ્રિયોનો અસંયમ દુર્ગતિ તરફ લઈ જાય છે, જ્યારે ઈન્દ્રિયોનો સંયમ સુખ અને શાંતિ તરફ લઈ જાય છે.' મહર્ષિ અરવિંદ પ્રમાણે મનની શક્તિ અસીમ છે તેમજ અપાર છે. આજ સુધી દુનિયામાં જે મહાન કાર્ય થયાં છે, તે શારીરિક શક્તિ નહિ, પરંતુ મનની શક્તિથી જ થયાં છે. ધ્યાન સાધન નથી, સ્થિતિ છે. જાતિ, જ્ઞાતિ, ધર્મ, દેશ વગેરે કોઈ મર્યાદા ધ્યાનમાં રહેતી નથી. ધ્યાન કોઈ બાહ્ય હેતુની સિદ્ધિ માટે નથી પણ જીવનની પૂર્ણતાને પામવા માટે છે. જીવન શું છે? તે જાણવા અને માણવાનો નિર્ભેળ આનંદ છે. ધ્યાન આત્મસૌમ્યની સ્થિતિ છે, જેમાં પોતાનામાંથી જ પોતાને પરમસુખ, શાંતિ અને સંતોષ પ્રાપ્ત થાય છે. ધ્યાન કરવાથી રોજિંદા જીવનમાં વ્યવસ્થા, કુશળતા અને સૌંદર્ય જેવા ગુણો પ્રગટે છે.

## ધ્યાનની અંતિમ સ્થિતિ

૧. તમે ધ્યાનમાં ગયા છો કે નહિ તે જાણવા માટે નીચે દર્શાવેલ છ બાબતોની બરાબર ચકાસણી કરવીઃ

૨. ધ્યાનની અંતિમ સ્થિતિમાં તમે તમારા શરીરના, પ્રાણના, મનના અને અસ્મિતાનું અસ્તિત્ત્વ ભૂલી જાઓ, તો તમે ધ્યાનમાં ગયા હતા તેવું માણી શકો.

૩. કોઈપણ જ્ઞાનેન્દ્રિયે તમને આ સ્થિતિમાં કોઈપણ પ્રકારનો સંદેશ ન આવ્યો હોય, તો તમે ધ્યાનમાં હતા.

૪. તમને સમય વીતી ગયાનો સહેજ પણ અનુભવ ના હોય તો તમે ધ્યાનમાં હતા.

૫. તમારી સંપૂર્ણ ચેતનામાં ધ્યેય (આરાધ્ય દેવ, ગુરુદેવ વગેરે) વસ્તુ વિષય સિવાય બીજો કોઈપણ અનુભવ ન થયો હોય તો, તમે ધ્યાનમાં હતા.

૬. આ અવસ્થા પછી તમે એક એવા આનંદનો અનુભવ કરો છો, જે એના પહેલા ક્યારેય પણ અનુભવ ન કર્યો હોય અને જે આનંદ કોઈપણ ઈન્દ્રિયથી પ્રાપ્ત ન થયો હતો, તો આપ ધ્યાનમાં ગયા હતા.

૭. ધ્યાન પછી તમારા મનમાં એકાએક શત્રુત્યાગ અને દરેક પ્રત્યે સમભાવ પ્રેમ અને એકાત્મબોધ જાગ્રત થયો હોય, તો તમે ધ્યાનમાં ગયા હતા.

## ધ્યાનનું મહત્ત્વ

'પાંતજલયોગદર્શન' માં યોગસાધના માટે દર્શાવેલા આઠ અંગોમાં સાતમું અંગ ધ્યાન છે. ધ્યાનનિષ્ઠ સાધકે યોગના આઠમા અંટા 'સમાધિ'ની અવસ્થાને પહોંચવામાં વાર લાગતી નથી. આમ, ધ્યાનમાં સમગ્ર યોગસાધના આવી જાય છે. ધ્યાનને કેન્દ્રમાં રાખીને થતી યોગસાધના 'ધ્યાનયોગ'ના

ISSN 0976 – 9609

નામે ઓળખાય છે. મોટી ઉંમરના ભાઈબહેનો પણ ધ્યાન કરી શકે છે. આપણા ઋષિમુનિઓએ હજારો વર્ષો સુધી ધ્યાનપદ્ધતિ અપનાવી હતી. પરિણામે તેઓ ઘણાં વર્ષો સુધી સ્વસ્થ રહેતા હતા.

ધ્યાન એ અષ્ટાંગ યોગનું ખૂબ જ મહત્ત્વનું અંગ છે. ધ્યાન એ જીવનની પૂર્ણતાને પામવા માટેની એક પ્રક્રિયા છે. ધ્યાનના નિયમિત અભ્યાસથી સમગ્ર જીવન પર સારી અસરો પડે છે. ધ્યાનનું જીવનમાં ખૂબ જ મહત્ત્વ છે. આ મહત્ત્વને વિવિધ દૃષ્ટિકોણથી સમજી શકાયઃ

શારીરિક મહત્ત્વ

માનસિક મહત્ત્વ

સામાજિક મહત્ત્વ

સાંવેગિક મહત્ત્વ

આધ્યાત્મિક મહત્ત્વ

૧. **શારીરિક મહત્ત્વઃ** ધ્યાન કરવાથી શારીરિક રીતે સ્વચ્છતા પ્રાપ્ત થાય છે. ધ્યાન કરવાથી સંપૂર્ણ નાડીશુદ્ધિ થઈ જાય છે અને શરીરની લગભગ બધી દેહધાર્મિક ક્રિયાઓ સુચારુરૂપમાં સંપન્ન થાય છે. નિયમિત ધ્યાન શારીરિક વ્યાધિઓનો નાશ કરે છે અને નવી બીમારીને આવતા રોકે છે. નિયમિત ધ્યાનથી જીવનશક્તિ (vitality) નો વિકાસ થાય છે. ધ્યાન કરવાથી શરીર અતિ પ્રફુલ્લિત અને હલકું થઈ જાય છે. આંતઃસ્ત્રાવી ગ્રંથિઓ (Endoccrine Glands) માં કોઈપણ પ્રકારની ખામી હોય, તો તે દૂર થાય છે. શરીરના દરેક અગત્યના અવયવોને પૂરતો આરામ મળવાથી તે બધાં ખૂબ જ સારી રીતે કામ કરી શકે છે. નિયમિત ધ્યાન કરવાથી હૃદય, કીડની, લિવર, પેન્ક્રિયાઝ વગેરે અવયવોમાં ખામી હોય, તો તે દૂર થઈ જાય છે. ધ્યાનથી હૃદયના અનિયમિત ધબકારા, લોહીનું દબાણ, અનિંદ્રા, હતાશા વગેરે દૂર થઈ જાય છે. વિજ્ઞાનીઓએ કરેલ પ્રયોગોમાં બહાર આવેલું છે કે ધ્યાન કરતા હોય એવા લોકોના શરીરમાં સામાન્ય લોકોની તુલનામાં ૨૦ ટકા વધુ એન્ટીબોડી પેદા થાય છે.

૨. **માનસિક મહત્ત્વઃ-** ધ્યાન કરવાથી ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે. ચિત્તની ચંચળતા દૂર થાય છે, મનમાં સ્થિરતા આવે છે અને સાથે-સાથે શાશ્વત શાંતિ પણ મળે છે. વ્યક્તિમાં સમતા, આત્મવિશ્વાસ અને નિર્ભયતાનો ભાવ વિકસે છે. દ્વન્દ્વો સહન કરવાની શક્તિ મળે છે. માનસિક સ્વાસ્થ્ય જળવાય છે. ધ્યાનથી એકાગ્રતા આવે છે અને જીવનમાં એકાગ્રતાનું ઘણું મહત્ત્વ છે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં આગળ આવવા માટે એકાગ્રતા ઘણો મહત્ત્વનો ફાળો આપે છે. નિયમિત ધ્યાનથી સુષુપ્તશક્તિઓ જાગ્રત થઈ ચિત્તની મલિનતા દૂર થઈ જ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે. નિયમિત ધ્યાનથી બુદ્ધિનો પણ વિકાસ થાય છે. નિયમિત ધ્યાન કરવાથી દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય છે, સ્મરણ શક્તિ વધે છે અને માનસિક રોગો દૂર થાય છે. એટલું જ નહિ પણ નિયમિત ધ્યાનથી મગજમાં કેન્દ્રો સતેજ થવાથી જીવનમાં દિવ્ય ખુમારીનો અનુભવ થાય છે. જીવનમાં સદાય ઉત્સાહ જળવાઈ રહે છે.

૩. **સામાજિક મહત્ત્વઃ-** ધ્યાનની મદદથી મનના રાજસ તેમજ તામસ 'મલ' નો નાશ થાય છે અને સાત્ત્વિક ગુણોનો વિકાસ થાય છે. ધ્યાનની સાધનાથી ખરેખર સાચું શું અને ખોટું શું, સારું શું અને ખરાબ શું તે પરખવાની શક્તિ-વિવેકબુદ્ધિ જાગૃત થાય છે. નિયમિત ધ્યાન કરવાથી તટસ્થ રીતે અવલોકન કરવાની શક્તિ જાગૃત થાય છે. નિયમિત રીતે ધ્યાન કરવાથી વ્યક્તિ શાંતચિત્ત અને સચ્ચરિત્રવાન બને છે. નિયમિત ધ્યાનથી ચિત્તની નિર્મળતા અને પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. ઉદ્વેગ, ચિંતા, ક્રોધ, નિરાશા, ભય અને કામવાસના વગેરે મનોવિકારોનું સમાધાન ધ્યાન દ્વારા સફળતાપૂર્વક કરી શકાય છે તથા એવા ફળસ્વરૂપે માણસ સમાજમાં સરળતાથી અનુકૂલન સાધી શકે છે. આ રીતે ધ્યાન વ્યક્તિના સામાજિક વિકાસમાં અગત્યનો ફાળો આપે છે.

૪. **સાંવેગિક મહત્ત્વઃ-** નિયમિત ધ્યાનના અભ્યાસથી અંતઃસ્ત્રાવી તંત્ર (Endocrine System) સ્વસ્થ, સમતોલ અને કાર્યક્ષમ બને છે, પરિણામે વ્યક્તિના


ISSN 0976 – 9609

સ્વસ્થ સાંવેગિક જીવનમાં તેમાંથી સહાય મળે છે. નિયમિત ધ્યાન કરવાથી મન શાંતચિત્ત બને અને તે પણ સાંવેગિક વિકાસમાં મદદરૂપ બને છે. નિયમિત ધ્યાન કરવાથી નકારાત્મક લાગણીઓ દૂર થાય છે તથા વ્યક્તિ હકારાત્મક બને છે અને એ રીતે એનો ધીમે-ધીમે સાંવેગિક વિકાસ થાય છે. યાદ રાખો કે અર્વાચીન સમયના તમામ શરીર વિજ્ઞાનીઓ હજારો પ્રાયોગિક સંશોધનોના આધારે કહે છે કે નકારાત્મક લાગણીઓને રોગો સાથે અને હકારાત્મક લાગણીઓને સ્વાસ્થ્ય સાથે અતૂટ સંબંધ રહેલો જોવા મળે છે. પ્રાણીના જીવનમાં ચિંતા, તનાવ અને ભય આવે છે ત્યારે તે રોગગ્રસ્ત બને છે અને તેમાં વધારો થાય તો આયુષ્ય પણ ઘટી જાય છે. નિયમિત ધ્યાન કરવાથી મનમાં સમત્ત્વ આવે છે અને તે પણ સાંવેગિક વિકાસમાં વિવિધ રીતે ફાળો આપે છે.

૫. **આધ્યાત્મિક વિકાસઃ-** ધ્યાનનો નિરંતર કરાતો અભ્યાસ આધ્યાત્મિક શક્તિ જગાડે છે. તે આત્મિક આનંદ અને આત્મપ્રકાશ આપે છે. સાધક લગભગ પરમપ્રાપ્તિના દ્વારે આવીને ઊભો રહે છે. મનમાં સતત વહેતા વિચારોનો પ્રવાહ આધ્યાત્મિક પ્રગતિમાં બાધારૂપ છે, એટલું જ નહિ પરંતુ આ અર્થહીન વિચારપ્રવાહ માનસિક સ્વાસ્થ્ય માટે પણ હાનિપ્રદ છે. જો ધ્યાનનો ઉચિત રીતે અભ્યાસ કરવામાં આવે તો તેનાથી આ અર્થહીન વિચારપ્રવાહને બંધ કે મંદ કરી શકાય છે અને આ રીતે આધ્યાત્મિક વિકાસ જાળવી શકાય છે. યાદ રાખો કે ધ્યાન કોઈ ચમત્કાર નથી. પરંતુ કોઈપણ મનુષ્ય નિયમિત ધ્યાન દ્વારા શારીરિક તંદુરસ્તી, માનસિક સંતુલન, બૌદ્ધિક પરિપક્વતા અને આત્મિક અનુભવ દ્વારા પરમ શાંતિને પ્રાપ્ત કરીને આનંદમય જીવન જીવી શકે છે.

આ રીતે ધ્યાનનું જીવનમાં ખૂબ જ મહત્ત્વ છે. ધ્યાનની પ્રક્રિયાથી શરીર, પ્રાણ અને મનને સંતુલિત કરી શકાય છે. ધ્યાનથી સુખ,શાંતિ તથા સંતોષ પ્રાપ્ત થાય છે. જીવન શું છે, તે જાણી અને માણી શકાય છે. ધ્યાન દ્વારા મનુષ્યના સમગ્ર વ્યક્તિત્ત્વનો પણ વિકાસ કરી શકાય છે. સમય અને અંતરના પરિપ્રેક્ષ્યોનો ધ્યાનમાં અંત આવે છે. જાતિ, જ્ઞાતિ, ધર્મ, દેશ વગેરે કોઈ મર્યાદા ધ્યાનમાં રહેતી નથી. આમ, ધ્યાનની સાધના કરી તેમાં સફળતા મેળવ્યા બાદ ધ્યાન કરનાર વ્યક્તિનું જીવન દિવ્ય પ્રકારનો આનંદ અને શાંતિનો અનુભવ કરે છે. જે આનંદ અને શાંતિ ગમે તેટલી સંપત્તિ કે ભૌતિક સુખ-સગવડના સાધનો પણ તેને આપી શકતા નથી.

---

બી-૧, સ્વીસ એવન્યુ, પટેલ કોલોની
માણેકબાગ હોલ સામે, આંબાવાડી
અમદાવાદ - ૩૮૦૦૧૫
મો.- ૯૮૯૮૮૭૦૮૪૦

॥ વિદ્યાવૃત્ત ॥

## એરિબાસ, બાયોટેકનોલોજી કોલેજમાં થેલેસિમિયા પરીક્ષણ અને બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

સી.વી.એમ. યુનિવર્સિટી સંચાલિત ન્યુ વિદ્યાનગરમાં આવેલી અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇંન્ટિગ્રેટેડ સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઈન બાયોટેકનોલોજી એન્ડ એપ્લાઈડ સાયન્સ કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે થેલેસિમિયા પરીક્ષણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં એમ.એસસી બાયોટેકનોલોજી, માઇક્રોબાયોલોજી, ઝૂલોજી, બોટની, એપ્લાઇડ જીનેટિક્સ અને એમ.એસસી ઈન્ટ્રીગ્રેટેડ બાયોટેકનોલોજી વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને થેલેસિમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો. સંસ્થાના ઈન-ચાર્જ હેડ ડો. ભક્તિ બાજપાઈનાં રાહબરી મુજબ એન.એસ.એસ. કન્વિનર ડો. કલ્પેશ ઈષ્ણાવા અને રેડ રિબીન ક્લબના કન્વિનર ડો. ખુશાલ પટેલ અને તેમની ટીમનાં સભ્યો ડો. નિશા દક્ષિણી તથા સ્ટાફ મેમ્બર ડો. સંદીપ ચોવટિયા કાર્યક્રમ સફળ બનાવવા સહભાગી થયાં હતાં. ઇંડિયન રેડ ક્રોસ સોસાયટી, આણંદના કોર્ડિનેટર શ્રી ઉપેન્દ્રભાઈએ થેલેસિમિયા બીમારી અંગેની જાણકારી આપી સર્વે વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતાં.

## ચારુતર વિદ્યામંડળ દ્વારા નાસા સ્પેસ એપ હરીફાઈનું ઉદઘાટન કરાયું

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઇસ્ટાર કોલેજના જિયોઈન્ફોરમેટિક્સ વિભાગના પ્રાધ્યાપક શ્રી ક્રુણાલ સુથારના અથાગ પ્રયત્નો થકી નાસા સ્પેસ એપ એપ્લિકેશનની પ્રતિયોગિતા બીજી વાર ગુજરાત રાજ્યમાં યોજાશે, જેનું સંચાલન શિક્ષણ નગરી વલ્લભ વિદ્યાનગર, આણંદથી કરવામાં આવશે. આ પ્રતિયોગિતા અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાસા દ્વારા આયોજિત કરવામા આવેલ છે, જેમાં કેનેડા, ફ્રાંસ, ઑસ્ટ્રેલિયા અને જાપાન સ્થિત વિવિધ દસ રાષ્ટ્રોની અવકાશ સંશોધન સંસ્થાઓ સંયુક્ત રીતે આ પ્રતિયોગિતા પ્રાયોજિત કરેલ છે. આ પ્રતિયોગિતામાં અવકાશીય જાણકારી પહોંચાડવી, પૃથ્વી પર જીવન ટકાવવું, આગ અને પુરની ત્વરિત જાણકારી સામાન્ય વ્યક્તિ સુધી પહોંચાડવી વગેરે જેવા વિવિધ ૨૮ પડકારોનો અનન્યપૂર્ણ નવીનતાસભર રીતો દ્વારા શોધખોળ માટે આયોજિત કરવામા આવેલ છે, જે અંતર્ગત ગુજરાતના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, એનજીઓ તેમજ સૌ કોઇ આ પ્રતિયોગિતામાં ભાગ લઇ શકશે. વિદ્યાર્થીગણ અને શિક્ષકોમાં છુપાયેલી પ્રતિભા બહાર લાવવા માટે આ પ્રતિયોગિતાનું  આયોજન કરવામા આવેલ છે.

ગુજરાત અને ચરોતરના તમામ વિદ્યાર્થીઓ અને તજજ્ઞોના લાભાર્થે આ પ્રતિયોગિતામાં ભાગ લેવા નાસા સાથેનું વલ્લભ વિદ્યાનગર, આણંદ નામનું સંયુક્ત પોર્ટલ આજ રોજ ચારુત્તર વિદ્યામંડળના ચેરમેન શ્રી ભીખુભાઇ પટેલ, માનદમંત્રી શ્રી એસ.જી. પટેલ, માનદ સહમંત્રી શ્રી રમેશ તલાટી અને માનદ સહમંત્રી શ્રી વિશાલભાઇ પટેલના વરદહસ્તે ખુલ્લું મુકાયુ. આ પ્રસંગે સીવીએમ યુનિવર્સિટીના ડાયરેક્ટર પ્રો.ડો. પી. એમ. ઉદાણી અને આઇસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલકુમાર તથા ડો. જીગર પટેલે આ પ્રતિયોગિતા પૂનઃ ગુજરાતમાં યોજવા બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. ચારુત્તર વિદ્યામંડળના તમામ હોદ્દેદારોએ આ પ્રસંગે ખુશીની લાગણી વ્યકત કરી હતી.

## એરિબાસ કોલેજનાં એન.એસ.એસ. વિભાગ દ્વારા પોષણયુક્ત આહાર વીકની ઉજવણી

સીવીએમ યુનિવર્સિટી સંચાલિત ન્યુ વિદ્યાનગરની એરિબાસ બાયોટેકનોલોજી કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિ અંતર્ગત આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી, આ પ્રસંગે ઔષધીઓ અને પોષણયુક્ત વૃક્ષનાં રોપા જેવા કે, આમળાં, ગળો, અર્જુન, સતાવરી, બહેડા, નગોડનું વિતરણ સર્વે વિદ્યાર્થીઓને કરવામાં આવ્યું હતું અને તેના ઉપયોગની સમજ આપવામાં આવી હતી. એન.એસ.એસ. કન્વિનર, ડો. કલ્પેશ ઈષણાવા અને સ્વંયંસેવકો દ્વારા પોષણયુક્ત આહાર અંગેની સમજણ, મહત્ત્વ અને ફાયદા વિષેની વિસ્તૃત સમજ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. સંસ્થાના ઇન-ચાર્જ હેડ ડો.ભક્તિ બાજપાઈના માર્ગદર્શન મુજબ એન.એસ.એસ કન્વિનર ડો. કલ્પેશ ઈષણાવા અને તેમની ટીમના સભ્યો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું,


ISSN 0976 – 9609

# સીવીએમ યુનિવર્સિટી એડીઆઈટી કોલેજમા યોજાયેલ કાર્યક્રમો

## NSS સેલ દ્વારા પોષણ માહની ઉજવણી

આપણે સૌ જાણીએ છીએ તેમ ભારત સરકારની પહેલના ભાગરૂપે દેશમાં દર વર્ષે 'પોષણ માહ'ની ઉજવણી કરવામાં આવે છે, જેનો મુખ્ય હેતુ બાળકો તથા અન્યોને સર્વગ્રાહી પોષણ પૂરું પાડવાનો તથા પૌષ્ટિક આહારનું મહત્ત્વ સમજાવવાનો છે. આ ઉજવણીના ભાગરૂપે CVM યુનિવર્સિટીના ન્યુ વિદ્યાનગર સ્થિત એડીઆઇટી એન્જિનિયરિંગ કોલેજમાં તબક્કાવાર વિવિધ પ્રોગ્રામનું આયોજન NSS સેલ દ્વારા કરવામાં આવેલું. એનએસએસ કોર્ડિનેટર પ્રો. મેહુલ પટેલના જણાવ્યા મુજબ પ્રથમ પ્રોગ્રામ તારીખ ૨૧.૯.૨૦૨૧ના રોજ covid રસીકરણ શિબિર રૂપે કરવામાં આવેલો, જેમાં લગભગ ૧૫૫ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

ત્યારબાદ અન્ય એક પ્રોગ્રામમાં ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને લાયન્સ ક્લબ ઓફ આણંદના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વધુ એક પ્રોગ્રામમાં તા. ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ NSS દિવસની ઉજવણી કરવામાં આવી. આ દિવસે સરદાર પટેલ સંશોધન પુરસ્કાર-૨૦૧૯ ના વિજેતા ડો. એસ.ડી. મિશ્રા દ્વારા એનએસએસ પર માહિતીસભર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. NSS સેલ - ADIT ના સ્વયંસેવકો દ્વારા ગરીબ બાળકો તથા અન્ય જરૂરિયાતમંદોને ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન બદલ એડીઆઈટી ના પ્રિન્સિપાલ ડો. વિશાલ સિંઘ તથા સીવીએમના માનનીય અધ્યક્ષ શ્રી ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારોએ એનએસએસ સેલ- એડીઆઈટીને અભિનંદન પાઠવ્યા હતા.

## ગ્રીન બિલ્ડિંગ વીકની ઉજવણી

સીવીએમ યુનિવર્સિટીની  ન્યુ વિદ્યાનગર સ્થિત એડીઆઈટી કોલેજ ખાતે ઇન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ IGBC સ્ટુડન્ટ્સ  ચેપ્ટર દ્વારા ૨૦-૦૯.૨૦૨૧ થી ૨૪.૦૯.૨૦૨૧ ના સમયગાળામાં ગ્રીન બિલ્ડિંગ વીકની તાજેતરમાં ઓનલાઇન ઉજવણી કરવામાં આવી હતી.

પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડો. રાજીવ ભટ્ટના જણાવ્યા મુજબ, ઉપરોક્ત સમયગાળામાં કુલ ચાર ટેકનિકલ, વેબીનાર, અલગ અલગ થીમ પર પોસ્ટર કોમ્પિટિશન, ક્વીઝ કોમ્પિટિશન તથા વૃક્ષારોપણ જેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

ઉપરોક્ત પ્રોગ્રામનું આયોજન પ્રો. ભાવિન પટેલ, પ્રો. દ્રષ્ટિ ભટ્ટ તથા પ્રો. તોસીફ કોષવાલા તથા વિદ્યાર્થીઓની ટીમ દ્વારા કરવામાં આવેલ. IGBC હૈદરાબાદ, અમદાવાદ તથા વડોદરા ચેપ્ટરના વિવિધ તજજ્ઞો દ્વારા વિદ્યાર્થી ઓને ગ્રીન બિલ્ડિંગનું મહત્ત્વ, ગ્રીન બિલ્ડીંગ, રેટિંગ સિસ્ટમ,વરસાદી પાણીનો સંગ્રહ તથા એનર્જીનો બચાવ જેવા વિવિધ કેસ સ્ટડી વિશે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.આ  પ્રોગ્રામના સમારંભમાં ઉદ્‌ઘાટનમાં IGBC અમદાવાદ ચેપ્ટરના કો. ચેરમેન શ્રી જયેશ હરિયાણી તથા પૂર્ણાહુતિ સમારોહમાં વડોદરા ચેપ્ટરના કો ચેરપર્સન શ્રીમતી નીતુ જૈન ઉપસ્થિત રહ્યા હતા. એ.ડી. આઈ.ટી. કોલેજના પ્રિન્સિપાલ ડો. વિશાલ સિંઘ તથા CVM અધ્યક્ષ શ્રી ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારોએ IGBC સ્ટુડન્ટ ચેપ્ટર, ADIT ને માહિતીસભર પ્રોગ્રામના આયોજન બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## નલિની આટ્ર્સ કોલેજમાં યોજાયેલ વિવિધ કાર્યક્રમો

### ગાંધી જયંતિ, વિશ્વ અહિંસા દિન તથા શાસ્ત્રીજીની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આટ્ર્સ કોલેજના NSS વિભાગ દ્વારા ગાંધી જયંતિ, વિશ્વ અહિંસા દિન તથા શાસ્ત્રીજીની જન્મજયંતિની ઉજવણીના ભાગ રૂપે શાંતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમ આઇ.ક્યુ.એ.સી.ના કોઓર્ડિનેટર ડો.એન.કે.બારોટની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો.

રેલીનું પ્રસ્થાન કરાવતા અધ્યક્ષ સ્થાનેથી બોલતા ડો. એન.કે.બારોટે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં પણ ગાંધીજીના વિચારો પ્રસ્તુત છે. વર્તમાન સમયની ઘણી સમસ્યાઓનો ઉકેલ તેમના ચિંતનમાંથી પ્રાપ્ત થઇ શકે છે. યુનાઈટેડ નેશન્સે આ દિવસને ગાંધીજીની સ્મૃતિમાં વિશ્વ અહિંસા દિવસ તરીકે જાહેર કર્યો છે. આ જ દિવસે ભારતના બીજા વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતિ પણ હોય છે. અધ્યક્ષના ઉદ્‌બોધન બાદ કોલેજના સ્વયંસેવકો સાથે વિશાળ શાંતિ રેલી યોજવામાં આવી હતી. રેલી દરમિયાન ગાંધીનાં પ્રિય ભજનો ગાવામાં આવ્યા હતા. શાસ્ત્રી મેદાન ખાતેની ગાંધીજી અને શાસ્ત્રીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી રેલીની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

કોલેજ મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડો.એમ.સી.પટેલ, એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર્સ તથા કોલેજ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા, આ પ્રસંગે મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્ટુડન્ટ ઇંડકશન પ્રોગ્રામ યોજાયો

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની- અરવિંદ એન્ડ ટી વી પટેલ આટ્ર્સ કોલેજમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ ઇંડકશન પ્રોગ્રામનું આયોજન ચારુતર વિદ્યામંડળના માનાર્હ સહમંત્રીશ્રી પ્રિ.આર.સી તલાટીની અધ્યક્ષતા અને કોલેજના આચાર્ય ડો. એમ. જી. મન્સૂરીની ઉપસ્થિતિમાં યોજાયો.

કાર્યક્રમના પ્રારંભે સ્ટુડન્ટ ઇંડકશન પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડો. એમ એસ પરમારે એસ.આઇ.પી.નું હાર્દ સમજાવી કોલેજની વિવિધ પ્રવૃત્તિઓ અને વ્યવસ્થાનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ પ્રિ. આર સી તલાટી સાહેબે તેઓની હળવી અને વિદ્યાર્થીભોગ્ય શૈલીમાં જણાવ્યુ હતું કે, વિદ્યાર્થી અવસ્થામાં ભણતર સાથે ગણતર પણ જરૂરી છે. સ્વામી વિવેકાનંદનું ઉદાહરણ આપતાં તેઓએ જણાવ્યુ કે વ્યક્તિએ જીવનમાં કોઈપણ પાંચ ગુણો કેળવવા જરૂરી છે. જીવનમાં પરિશ્રમનું માહાત્મ્ય દર્શાવતા જણાવ્યુ કે જો મહેનત કરો તો કોઈપણ લક્ષ્ય અસંભવ નથી. કોલેજ પ્રવેશ પ્રસંગે વિદ્યાર્થીઓને તેમના જીવનના નિર્ધારિત ધ્યેય પ્રાપ્ત કરવા શુભેચ્છા પાઠવી હતી.

કોલેજના આચાર્ય ડો. એમ. જી. મન્સુરીએ વિદ્યાર્થીઓને કોલેજ પ્રવેશની શુભેચ્છા પાઠવી આવકાર્યા હતા. વિદ્યાર્થીઓને કોલેજકાળ દરમિયાન કારકિર્દી ઘડતર કરવાની તથા શિસ્તબદ્ધ જીવન જીવવાની શિખ આપી હતી. કોલેજ મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડો. એમ. સી. પટેલે મધ્યસ્થ સમિતિની રચના, કાર્યો અને તેમાં વિદ્યાર્થીઓની ભૂમિકા અંગે વિશદ સમજ આપી હતી.

કાર્યક્રમમાં કોલેજની મધ્યસ્થ સમિતિ અંતર્ગત આવતી વિવિધ સમિતિઓના સલાહકાર અધ્યાપકોએ જે તે સમિતિઓની પ્રવૃત્તિઓ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના અંતે પ્રા. કે વી તવિયાડે ઋણસ્વીકાર કર્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.


ISSN 0976 – 9609

## વિદેશમાં રોજગાર અને વ્યાવસાયિક માર્ગદર્શન વર્કશોપ યોજવામાં આવ્યો.

વલ્લભવિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આટ્ર્સ કોલેજના NSS વિભાગ દ્વારા જિલ્લા શ્રમ અને રોજગાર કચેરી આણંદના સંયુક્ત ઉપક્રમે વિદેશમાં વ્યવસાય-રોજગાર કરવા ઇચ્છતા યુવાનો માટે એક માર્ગદર્શન વર્કશોપનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. એમ.જી.મન્સૂરી સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને આઇ.ક્યુ.એ. સી.ના કોઓર્ડિનેટર ડૉ.એન.કે.બારોટ ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપમાં મુખ્ય અતિથિ તરીકે રોજગાર કાઉન્સિલર શ્રી ચેતન મહેતા રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. બી.એમ.ગજેરાએ મહેમાનોનું સ્વાગત કરી પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી બોલતા ડૉ.એન.કે.બારોટે જણાવ્યું હતું કે ભારત સરકાર અને ગુજરાત સરકારના સમર્થ પ્રયાસો રહ્યા છે કે, યોગ્ય અભ્યાસ કર્યા પછી અભ્યાસને અનુરૂપ દરેક વ્યક્તિને રોજગાર મળી રહે. તેના માટે સરકારશ્રી દ્વારા વખતો વખત જાહેર થતી વિવિધ રોજગારલક્ષી યોજનાઓની વિદ્યાર્થી સમક્ષ વિગતવાર માહિતી અને તેની વિધિ-પ્રવિધિ અંગે અવગત કરાવી શકાય તેવા હેતુથી આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. તેઓએ આ વર્કશોપનું આયોજન કરવા બદલ જિલ્લા રોજગાર કચેરી, આણંદનો આભાર માન્યો હતો.

વર્કશોપના મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ચેતન મહેતાએ વિદ્યાર્થીઓને ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ પોર્ટલ ‘અનુબંધમ્’ વિશે વિગતવાર માહિતી આપી હતી. ઉપરાતં રોજગાર કચેરી દ્વારા આપવામાં આવતી સેવાઓ વિશે જણાવવામાં આવ્યું હતું. વિદેશમાં જઇ રોજગાર ઇચ્છતા વિદ્યાર્થીને રોજગાર કચેરી મદદરૂપ થાય છે. તેના માટે વિદ્યાર્થીએ વિઝાથી શરૂ કરી વિદેશની સરકારમાન્ય કઇ સંસ્થા રોજગારી મળી શકે તેમ છે તેની વિગતો જણાવી હતી. આ અંગે તેઓએ વિદેશ જવાની આંધળી દોટમાં વ્યક્તિ કેવી રીતે છેતરાઇને આર્થિક નુકસાન કરી બેસે છે તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરીને ગુનાહિત બને છે તે અંગે માહિતી આપી હતી.

કાર્યક્રમમાં કોલેજ મધ્યસ્થ સમિતિના ઉપ-પ્રમુખ ડૉ.એમ.સી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. અંતે ડૉ.નીરૂબેન પટેલે મહેમાનોનો આભાર માન્યો હતો તથા ડૉ.એમ.એસ. પરમારે કાર્યક્રમનું સુચારુ સંચાલન કર્યું હતું. વિશાળ પ્રમાણમાં વિદ્યાર્થીઓએ હાજર રહી તેઓના પ્રશ્નોનાં ખુલાસાઓ પ્રાપ્ત કર્યા હતા.

## ।। સૂચના ।।

૧. ‘વિ-વિદ્યાનગર’ વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. । વિ । માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઇન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. । વિ । માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. **લેખ/કૃતિ અંગે કોઈ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિં.**

**૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર, IFS Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપુરતી વિગતને કારણે પુરસ્કારની રકમ જમા ન થઈ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસીને મોકલવી.**

૬. ‘વિ-વિદ્યાનગર’ દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ ‘ચારુતર વિદ્યામંડળ’ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ


**ડૉ.ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ. પ્રોફેસર, એન.વી. પટેલ સાયન્સ કૉલેજ (NVPAS), વલ્લભ વિદ્યાનગર**

**ઇ-મેઇલ** : editor.vidyanagar@gmail.com, urvish.chhaya@gmail.com


**-: લવાજમ :-**

| | | |
|---|---|---|
| **વાર્ષિક** | : | ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦ |
| **આજીવન** | : | ₹ ૧૫૦૦ |
| **વિદેશમાં** | : | ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £ |
| **છૂટક નકલની કિંમત** | : | ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦ |


ISSN 0976 – 9609



મહાત્મા ગાંધીજી તેમજ લાલ બહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતિ નિમિત્તે, વલ્લભ વિદ્યાનગરના શાસ્ત્રી મેદાન ખાતે આવેલ તેઓની પ્રતિમાઓ ઉપર તા.૦૨-૧૦-૨૦૨૧ને શનિવારના રોજ સવારના ૯-૦૦ કલાકે સુતરની આંટી તથા પુષ્પાજંલિ અર્પણ કરવાના કાર્યક્રમનું ચારુતર વિદ્યામંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યં હતું. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ બી.પટેલ, માનદ્ મંત્રીશ્રી ડો.એસ.જી.પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ શ્રી રમેશ તલાટી, શ્રી મેહુલ ડી.પટેલ, શ્રી વિશાલ એચ.પટેલ, ચારુતર વિદ્યામંડળ તથા સીવીએમ યનિવર્સિટીના પદાધિકારીઓ, મંડળ સંચાલિત સંસ્થાઓ તથા સીવીએમ યુનિવર્સિટી ઘટક Constituent કોલેજોના આચાર્યશ્રીઓ / વડાશ્રીઓ તથા કર્મચારીગણ ઉપસ્થિત રહયા હતા અને મહાત્મા ગાંધીજી તેમજ લાલ બહાદુર શાસ્ત્રીજીને પુષ્પાજંલિ અર્પણ કરી હતી.






તાઃ ૧૬/૧૦/૨૦૨૧ના રોજ ચારુતર વિદ્યામંડળ સંચાલિત ''વી એન્ડ સી પટેલ ઇંગ્લિશ સ્કૂલ''ના નવનિર્મિત વિશાળ ભોજનાલય તેમજ વાતાનુકુલિત સી.વી.એમ.મલ્ટીપર્પઝ હોલનું ઉદઘાટન સી.વી.એમ.ના અધ્યક્ષ એન્જિ. ભીખુભાઇ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, ટસ્ટ્રીશ્રી હેમંતભાઈ પટેલ, માનદ્મંત્રીશ્રી ડો.એસ.જી.પટેલ,માનદ્ સહમંત્રીશ્રીઓ રમેશભાઈ તલાટી, મેહલભાઈ ડી. પટેલ, વિશાલભાઈ એચ.પટેલ, ચારુતર વિદ્યામંડળના કાઉન્સિલ સભ્યશ્રીઓ, સીવીએમ યનિવર્સિટીના હોદ્દેદારો, સી.વી.એમ.ની સંસ્થાઓના આચાર્યશ્રીઓ અને વડાઓ તેમજ શાળાનો સમગ્ર પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

ચારુતર વિદ્યામંડળ હંમેશા વિદ્યાર્થીઓના જીવનવિકાસાર્થે ઉત્તમોત્તમ શિક્ષણ, સુઘડ ચારિત્ય ઘડતર અને આધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં અગ્રેસર રહે છે. સી.વી.એમ.મલ્ટીપર્પઝ હોલ તેનું ઉત્તમ ઉદાહરણ છે.

**BOOK POST**
**November 2021**

**V-Vidyanagar 23 (11)**
**Published on 02/11/2021**
**No. of Pages 44 Including Cover**
**ISSN 0976 – 9609 V-Vidyanagar**

**Postal Regd. No. AND/318/2021-23**
**RNI Regd. No. Guj/2009-11/5433**
**Posted at Vallabh Vidyanagar on**
**5th of Every Month**




Yash Pal was an Indian scientist, educator and educationist. He was known for his contributions to the study of cosmic rays, as well as for being an institution-builder. In his later years, he became one of the leading science communicators of the country.

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )

Printed at Lajja Communications, Vidyanagar 388 120